PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 230
Dt.: 25-06-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa



# મુંબઈમાં ચોમાસાની એન્ટ્રી: ૫ કલાકમાં ૯૯ મિમી વરસાદથી જળબંબોળ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

સમગ્ર મહારાષ્ટ્રમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સત્તાવાર રીતે પહોંચી ગયું છે. મુંબઈમાં ચોમાસાના આગમનની સાથે જ ભારે વરસાદનો દૌર શરૂ થઈ ચૂક્યો છે. ગઈકાલ રાતભર પડેલા મુશળધાર વરસાદને કારણે મુંબઈ શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, રસ્તાઓ લબાલબ છે અને વાહનવ્યવહારને ભારે અસર પહોંચી છે.ભારે વરસાદને કારણે મુંબઈનો અંધેરી વિસ્તાર સૌથી વધુ પ્રભાવિત થયો છે. અહીં ભારે પાણી ભરાઈ જવાના કારણે અંધેરી સબવે (અંડરપાસ) સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો છે. વાહનચાલકો અને નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ અંડરપાસને વાહનોની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. દરમિયાન, ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઈમાં હજુ પણ ભારે વરસાદની ચેતવણી (એલર્ટ) જારી કરવામાં આવી છે.મુંબઈમાં ગઈકાલે રાત્રે માત્ર ૫ થી ૬ કલાકના ટૂંકા ગાળામાં જ અલગ-અલગ વિસ્તારોમાં ૭૧ થી ૯૯ મિલીમીટર સુધીનો ભારે વરસાદ નોંધાયો છે. આ પૂર્વે, ૨૩ જૂને સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધીમાં સૌથી વધુ ૭૮.૯૬ મિલીમીટર વરસાદ સેન્ટ્રલ મુંબઈની નાયર હોસ્પિટલ વિસ્તારમાં નોંધાયો હતો. હાલમાં પણ મુંબઈના આકાશમાં કાળાડિબાંગ વાદળો છવાયેલા છે અને હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૪ જૂને દિવસભર મધ્યમથી ભારે વરસાદનો સિલસિલો ચાલુ રહી શકે છે, જેનાથી ટ્રાફિક જામની સમસ્યા વધી શકે છે.મુંબઈમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧૦ જૂન છે, પરંતુ આ વર્ષે ચોમાસું ૨૩ જૂને એટલે કે નિયત સમય કરતાં ૧૩ દિવસ મોડું પહોંચ્યું છે. લાંબા સમયથી ગરમી અને અકળામણથી પરેશાન મુંબઈગરાને આ વરસાદથી મોટી રાહત તો મળી છે, પરંતુ દર વર્ષની જેમ જલજમાવ (વોટરલોગિંગ) ની સમસ્યા પણ શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગના ડેટા અનુસાર:ઐતિહાસિક વિલંબ: મુંબઈમાં ચોમાસાના આગમનમાં સૌથી વધુ વિલંબ વર્ષ ૧૯૫૮ અને ૧૯૭૪ માં થયો હતો, જ્યારે ચોમાસું છેક ૨૮ જૂને પહોંચ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે ચોમાસાએ હવે મુંબઈ ઉપરાંત મધ્ય અરબી સમુદ્ર, તેલંગાણા, ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ અને બિહારના કેટલાક ભાગોને પણ કવર કરી લીધા છે.



### પાકિસ્તાનની બોલતી બંધ

## કાશ્મીર હંમેશા ભારતનો ભાગ હતું, છે અને ભવિષ્યમાં પણ હંમેશા રહેશે

### ભારતે UNSCના દાયકાઓ જૂના આદેશો અને મધ્યસ્થતાની પદ્ધતિઓની સમીક્ષા કરવાની સ્પષ્ટ માંગ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ની બેઠકમાં ભારતે પાકિસ્તાનની ટિપ્પણીઓનો સખત વિરોધ કરીને વૈશ્વિક મંચ પર તેને ફરી એકવાર જોરદાર ફટકાર લગાવી છે. પાકિસ્તાનની બોલતી બંધ કરતા સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે કાશ્મીર મુદ્દે જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતે UNSCના દાયકાઓ જૂના આદેશો અને મધ્યસ્થતાની પદ્ધતિઓની સમીક્ષા કરવાની સ્પષ્ટ માંગ કરી છે, કારણ કે બદલાયેલી વૈશ્વિક પરિસ્થિતિઓ અનુસાર તે હવે પ્રાસંગિક રહ્યા નથી.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પર્વથાનેની હરીશે ચીન અને પાકિસ્તાનની સહ-અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ભારતનો પક્ષ મજબૂતાઈથી રજૂ કર્યો હતો. તેમણે સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના ચેપ્ટર VI અને VII હેઠળ પસાર કરાયેલા પ્રસ્તાવો વચ્ચેનો મૂળભૂત તફાવત સમજાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે સુરક્ષા પરિષદના તમામ જૂના આદેશોને હંમેશા માટે લાગુ ગણી શકાય નહીં.

ભારતીય રાજદૂતે જણાવ્યું કે, ચેપ્ટર VIIના પ્રસ્તાવો આંતરરાષ્ટ્રીય શાંતિ ભંગ થવાની અને આક્રમણની ઘટનાઓ સાથે સંબંધિત છે, જેમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે નક્કર પગલાં લેવાનો અધિકાર હોય છે. આનાથી વિપરીત, ચેપ્ટર ૬ના પ્રસ્તાવો માત્ર વાતચીત, મધ્યસ્થતા અને પરસ્પર સુલેહ જેવા શાંતિપૂર્ણ ઉકેલોની સુવિધા માટે હોય છે.

આ ઉપાયો ચોક્કસ રાજકીય પરિસ્થિતિઓ આધારિત હોવાથી તે હંમેશા માટે પ્રાસંગિક રહી શકતા નથી.

ભારતે પેલેસ્ટાઈનના મુદ્દાનું ઉદાહરણ આપીને સમજાવ્યું કે, બદલાતી વાસ્તવિકતા સાથે મધ્યસ્થતાની પદ્ધતિઓમાં પણ સતત ફેરફાર થાય છે. પાકિસ્તાન જમ્મુ-કાશ્મીર પર દાયકાઓ જૂના પ્રસ્તાવોનો જે વારંવાર ઉલ્લેખ કરે છે, તેના સંદર્ભમાં ભારતનો આ પ્રહાર અત્યંત મહત્વનો છે. ભારતે સ્પષ્ટ કર્યું કે, આવા જૂના પ્રસ્તાવોનો હવાલો આપવો એ બંને દેશો વચ્ચે થયેલા દ્વિપક્ષીય કરારો અને ત્યારબાદના રાજકીય ઘટનાક્રમોને નજરઅંદાજ કરવા સમાન છે. UN80 પહેલ હેઠળ સુરક્ષા પરિષદના આદેશોની પણ સમયસર સમીક્ષા થવી જોઈએ જેથી તે આજના ભૂ-રાજકીય પ્રવાહોને અનુરૂપ બને. બેઠકના અંતમાં ભારતે પાકિસ્તાનને સૌથી આકરો જવાબ આપ્યો હતો. સહ-અધ્યક્ષ તરીકે પાકિસ્તાનના પ્રતિનિધિ પાસેથી નિષ્પક્ષતાની અપેક્ષા હતી, પરંતુ તેમણે આ વૈશ્વિક મંચનો દુરુપયોગ કરીને અપ્રસ્તુત મુદ્દા ઉઠાવ્યા હતા. તેના જવાબમાં ભારતીય રાજદૂતે નવી દિલ્હીના સનાતન વલણને દોહરાવતા સ્પષ્ટ આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ સંપૂર્ણપણે ભારતનો આંતરિક મામલો છે. કાશ્મીર હંમેશા ભારતનો ભાગ હતું, છે અને ભવિષ્યમાં પણ હંમેશા રહેશે.

### ED દ્વારા તાડબતોડ દરોડાની કાર્યવાહી

## મુંદ્રા પોર્ટ ડ્રગ્સ કેસના તાર દિલ્હીની નાઈટ ક્લબ સાથે જોડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના સૌથી મોટા ડ્રગ્સ કેસોમાંથી એક ગુજરાતના મુંદ્રા પોર્ટ ડ્રગ્સ કેસમાં EDએ બુધવારે દિલ્હીમાં મોટી કાર્યવાહી કરી છે. EDની ટીમોએ દિલ્હીમાં પાંચ અલગ-અલગ સ્થળો પર તાબડતોડ દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી લગભગ ૨૧,૦૦૦ કરોડની કિંમતના ૩,૦૦૦ કિલો ડ્રગ્સની તસ્કરી સાથે જોડાયેલા મની લોન્ડરિંગ નેટવર્ક અને તેના દ્વારા થયેલી કમાણીના રોકાણને લઈને કરવામાં આવી છે. તપાસ એજન્સીઓને આ કેસમાં કેટલીક અત્યંત ચોંકાવનારી માહિતી મળી હતી, જેના આધારે આ એક્શન લેવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ડ્રગ્સની તસ્કરી દ્વારા કમાયેલા કાળા નાણાંને ક્યાં-ક્યાં વ્હાઈટ કરવામાં આવ્યા તેની ઈડી તપાસ કરી રહી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય તપાસ એજન્સીને પૂરી શંકા છે કે ડ્રગ્સના આ ગેરકાયદે ધંધામાંથી થયેલી મોટી કમાણીને દિલ્હીના નામાંકિત નાઈટ ક્લબોમાં ઈનવેસ્ટ કરવામાં આવી હતી. EDના સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે બુધવારે પાડવામાં આવેલા આ દરોડાનો મુખ્ય ફોકસ આ કેસ સાથે જોડાયેલા બે મોટા પાત્રો પર રહ્યો હતો. ઈઢએ હરપ્રીત સિંહ તલવાર, શમ્સુદીન અને તેમના સહયોગીઓ સાથે સંકળાયેલા પરિસરો પર દરોડા પાડ્યા છે. તમને જણાવી દઈએ કે, આ કેસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) દ્વારા આરોપી હરપ્રીત સિંહ તલવારની ધરપકડ પણ કરવામાં આવી હતી. તે તાજેતરમાં જ જામીન પર બહાર આવ્યો હતો. આ સમગ્ર મામલો ભારતીય ઈતિહાસમાં ડ્રગ્સના સૌથી મોટા જથ્થાની જપ્તી સાથે જોડાયેલો છે. ગુજરાતના મુંદ્રા પોર્ટ પર તપાસ એજન્સીઓએ એક મોટા ઓપરેશન હેઠળ અંદાજે ૩,૦૦૦ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં ડ્રગ્સના આ વિશાળ જથ્થાની કિંમત લગભગ ૨૧,૦૦૦ કરોડ આંકવામાં આવી હતી. NIAની સાથે-સાથે ઈઢ પણ મની લોન્ડરિંગના એંગલથી આ કેસની તપાસ કરી રહી છે. કોંગ્રેસે ૨૦૨૨માં યોજાયેલી ગુજરાત વિધાનસભા ચૂંટણી દરમિયાન આ મુદ્દાને લઈને ભાજપ સરકાર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. મુંદ્રા પોર્ટ અને ગુજરાતના અન્ય બંદરો પરથી સતત મળી રહેલા ડ્રગ્સના મોટા જથ્થા અંગે રાહુલ ગાંધીએ પીએમ મોદીના મૌન પર સવાલ ઉઠાવ્યા હતા. રાહુલ ગાંધીએ કટાક્ષ કરતા કહ્યું હતું કે, ગુજરાતમાં વ્યાપાર કરવાની સરળતાને બદલે ઈઝ ઓફ ડુઈંગ ડ્રગ બિઝનેસ ચાલી રહ્યું છે. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, ગુજરાતના મુંદ્રા પોર્ટ પર ત્રણ વારમાં હજારો કરોડનું ડ્રગ્સ ઝડપાયું. કાયદો અને વ્યવસ્થાના આ રીતે લીરેલીરા ઉડવા છતાં વડાપ્રધાન આખરે ક્યાં સુધી ચૂપ રહેશે?

### લંડન કોર્ટનો મોટો નિર્ણય !

## નીરવ મોદીને બેંક ઓફ ઈન્ડિયાને રૂ. ૧૦૦ કરોડ ચૂકવવાનો આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

હીરા વેપારી નીરવ મોદીને લંડન કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. લંડન હાઈકોર્ટે નીરવ મોદીને બેંક ઓફ ઈન્ડિયાને ૧૦.૭ મિલિયન ડોલર (લગભગ ૧૦૦ કરોડથી વધુ) રકમ ચૂકવવાનો આદેશ આપ્યો છે.

કોર્ટે જણાવ્યું હતું કે નીરવ મોદી પોતે સહી કરેલી વ્યક્તિગત ગેરંટી હેઠળ ચુકવણી માટે જવાબદાર છે. નીરવ મોદી હાલ લંડનની જેલમાં છે, કારણ કે તેઓ પંજાબ નેશનલ બેંક (PNB) ગોટાળામાં સામેલ છે. ભારત સરકાર તેમને પરત લાવવા માટે પ્રયત્ન કરી રહી છે.



જુલાઈ ૨૦૧૨માં, બેંક ઓફ ઈન્ડિયાએ નીરવ મોદીની દુબઈ સ્થિત કંપની, ફાયરસ્ટાર ડાયમંડ FZE ને ૪.૧ મિલિયન ડોલરની લોન આપી હતી. ૩ ઓગસ્ટ ૨૦૧૩ ના રોજ નીરવ મોદીએ આ લોન માટે વ્યક્તિગત ગેરંટી આપી હતી. વ્યક્તિગત ગેરંટીનો અર્થ એ છે કે જો કંપની લોન ચૂકવે નહીં તો ગેરંટી આપનાર ચુકવણી માટે જવાબદાર રહેશે. હવે, વ્યાજ સહિત લોનની રકમ આશરે ૧૦.૭ મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે.

૨૦૧૮માં પંજાબ નેશનલ બેંક (PNB) કૌભાંડના સમાચાર બહાર આવ્યા પછી, નીરવ મોદીના વ્યવસાય જૂથને કટોકટીનો સામનો કરવો પડ્યો. આ પછી, બેંક ઓફ ઈન્ડિયાએ વસૂલાત પ્રક્રિયા શરૂ કરી અને કંપની અને નીરવ મોદીને નોટિસ મોકલી. જોકે, બેંકે જણાવ્યું હતું કે આ નોટિસોનો કોઈ જવાબ મળ્યો નથી.

ફેબ્રુઆરી ૨૦૧૮માં નીરવ મોદીએ બેંકને મોકલેલા ઈમેલમાં સ્વીકાર્યું હતું કે મીડિયા રિપોર્ટ્સ અને તપાસના કારણે તેમની કંપનીઓનો વ્યવસાય લગભગ બંધ થઈ ગયો છે. જેના કારણે બેંકોનું પૈસું પરત કરવાની ક્ષમતા અસરગ્રસ્ત થઈ છે. અદાલતે આ ઈમેલને મહત્વપૂર્ણ પુરાવા તરીકે માન્યું.

નીરવ મોદી માર્ચ ૨૦૧૯થી બ્રિટનની કસ્ટડીમાં છે. તેના પર ભારતમાં PNB કૌભાંડ સંબંધિત ગંભીર આરોપ છે. માર્ચ ૨૦૨૬માં બ્રિટિશ અદાલતે તેમની પ્રત્યર્પણ પ્રક્રિયા ફરી શરૂ કરવાની માંગ પણ ફગાવી દીધી હતી, આનાથી તેના ભારત પાછા ફરવાનો માર્ગ વધુ સ્પષ્ટ થાય છે. આ કેસ PNB કૌભાંડથી અલગ એક સિવિલ રિકવરી કેસ હતો, જે બેંક ઓફ ઈન્ડિયા દ્વારા તેના બાકી રહેલા ભંડોળની વસૂલાત માટે દાખલ કરવામાં આવ્યો હતો. આ કોર્ટનો નિર્ણય બેંક માટે એક મોટી કાનૂની જીત દર્શાવે છે અને નીરવ મોદીને બેંકનું દેવું ચૂકવવા માટે જવાબદાર બનાવવામાં આવ્યો છે.

## દેશભરમાં ધમકીભર્યા ફેક ઈમેઈલ કરનાર અમદાવાદની મહિલા ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સરકારી કચેરીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને દેશભરની અન્ય અગ્રણી સંસ્થાઓને ધમકીભર્યા ફેક ઈમેઈલ કરનાર અમદાવાદની મહિલાની દિલ્હીની ચાણક્યપુરી પોલીસે ધરપકડ કરી છે. તે ઘણા મહિનાઓથી બોમ્બની ખોટી ધમકીઓ, EVM સંબંધિત આરોપો, ભ્રષ્ટાચારની ફરિયાદો અને અન્ય ધમકીભર્યા મેસેજ મોકલી રહી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, ફેબ્રુઆરી ૨૦૨૬થી આવા ઈમેઈલ સતત મોકલવામાં આવી રહ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું છે કે તેણીએ દેશભરમાં વિવિધ સરકારી વિભાગો, અધિકારીઓ અને સંસ્થાઓને ૨૦૦થી વધુ ઈમેઈલ મોકલ્યા હતા, જેનાથી જે તે એજન્સીઓમાં ચિંતા અને અફરાતફરીનું વાતાવરણ સર્જાયું હતું. ચાણક્યપુરી પોલીસ સ્ટેશનના SHO ઈન્સ્પેક્ટર પી.સી. યાદવની દેખરેખ હેઠળ તપાસ શરૂ કરવામાં આવી હતી. ટેકનિકલ તપાસથી ઈમેઈલ્ર્સ સાથે જોડાયેલા મોબાઈલ નંબરને ઓળખવામાં મદદ મળી, જે પછી સતત દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો હતો. જોકે મોબાઈલ ફોન લાંબા સમય સુધી બંધ રહ્યો હતો, પોલીસ ટેકનિકલ દેખરેખ દ્વારા મહત્વપૂર્ણ લીડ્સ એકત્રિત કરવામાં સફળ રહી. ૧૮ જૂનના રોજ બીજો ધમકીભર્યો ઈમેલ મળ્યા બાદ તપાસ વધુ તીવ્ર બની હતી. ૨૧ જૂનના રોજ, ટેકનિકલ સર્વેલન્સ દ્વારા મહિલાનું સ્થાન ગુરુદ્વારા બંગલા સાહિબની આસપાસ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ, પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને સાંજે ગુરુદ્વારા બંગલા સાહિબની બહાર મહિલાને પકડી લીધી. અટકાયત કરાયેલી મહિલાની ઓળખ ૪૧ વર્ષીય સીમા લોહુમી તરીકે થઈ છે, જે ગુજરાતના અમદાવાદ જિલ્લાના કિશાપુર વિસ્તારની રહેવાસી છે. પોલીસ સ્ટેશનમાં પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે તે ઘણા સમયથી વિવિધ વ્યક્તિઓ અને સંસ્થાઓને આવા ઈમેલ મોકલી રહી હતી. તપાસમાં એ પણ ખુલાસો થયો કે તેની તબીબી સારવાર ચાલી રહી છે, જે તેના પરિવારના સભ્યો દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. પોલીસ હાલમાં આ ઈમેઈલ મોકલવા પાછળનો હેતુ શોધવા માટે આ મામલાની વધુ તપાસ કરી રહી છે.




### લખનઉ અગ્નિકાંડમાં મોટો ખુલાસો

## LDAની તપાસમાં ૧૮ અધિકારી અને એન્જિનિયર દોષિત ઠર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉના અલીગંજ વિસ્તારમાં સોમવારે બપોરે ત્રણ માળની ઈમારતમાં લાગેલી ભીષણ આગમાં ૧૫ લોકોનાં કરુણ મોત નીપજ્યાં છે. આ ઈમારત એક ડેથ ટ્રેપ બની ગઈ, કારણ કે તેમાં અવરજવર માટે માત્ર એક જ રસ્તો હતો. આ એક માત્ર રસ્તામાં એર-કંડિશનિંગ પેનલ, વાયરોના ગૂંચળા અને અન્ય ઉપકરણો ગોઠવાયેલા હોવાને કારણે આગ ફેલાયા બાદ અંદર ફસાયેલા લોકો માટે બહાર નીકળવા માટે ખૂબ ઓછી જગ્યા બચી હતી અને તેઓ આ આગમાં હોમાઈ ગયા. આ કેસમાં સામે આવેલા નવા અપડેટ પ્રમાણે આ ભીષણ અગ્નિકાંડમાં LDAની તપાસમાં ૧૮ અધિકારીઓ અને એન્જિનિયરો દોષિત ઠર્યા છે. LDAના ઉપાધ્યક્ષે આ દોષિત અધિકારીઓ સામે કડક કાર્યવાહીની ભલામણ કરતી રિપોર્ટ વહીવટી તંત્રને મોકલી આપી છે. દોષિતોમાં પાંચ ઝોનલ ઓફિસર સહિત કુલ ૧૮ એન્જિનિયરો અને સંબંધિત અધિકારીઓ સામેલ હોવાનું સામે આવ્યું છે. આ અગાઉ LDA દ્વારા એક જૂનિયર એન્જિનિયર અને એક આસિસ્ટન્ટ એન્જિનિયરને સસ્પેન્ડ કરવામાં આવી ચૂક્યા છે.

તપાસમાં સામે આવ્યું છે કે, આ બિલ્ડિંગનો મેપ માત્ર રહેણાંક હેતુ માટે મંજૂર કરાવવામાં આવ્યો હતો. જોકે, મંજૂર થયેલા મેપથી વિપરીત આ બિલ્ડિંગનો ઉપયોગ વ્યાવસાયિક પ્રવૃત્તિઓ (કોમર્શિયલ એક્ટિવિટી) માટે કરવામાં આવી રહ્યો હતો.

તપાસમાં એવો પણ ચોંકાવનારો ખુલાસો થયો છે કે, વર્ષ ૨૦૨૬માં ગેરકાયદે બાંધકામ વિરુદ્ધ જારી કરવામાં આવેલો ડિમોલિશન ઓર્ડર પાછળથી રદ કરી દેવામાં આવ્યો હતો. રિપોર્ટ પ્રમાણે તે સમયના વિહિત સત્તાધિકારી દુર્ગેશ શ્રીવાસ્તવે આ ડિમોલિશન ઓર્ડર રદ કર્યો હતો.

દુર્ઘટનાગ્રસ્ત ઈમારતમાં ધુમાડો બહાર નીકળવા માટેની કોઈ યોગ્ય વ્યવસ્થા નહોતી. આગ લાગ્યા બાદ આખી બિલ્ડિંગ અને રૂમોમાં ધુમાડો ભરાઈ ગયો હતો, જેના કારણે મોટાભાગના લોકોના મોત ગૂંગળામણને લીધે થયા હતા.

બેદરકારીનો ખુલાસો

- FIR પ્રમાણે બિલ્ડિંગમાં ફાયર સેફ્ટીની પૂરતી વ્યવસ્થા નહોતી. ઈમરજન્સીની સ્થિતિમાં બહાર નીકળવા માટે કોઈ વૈકલ્પિક રસ્તો કે ઈમરજન્સી એક્ઝિટ પણ બનાવવામાં આવ્યું નહોતું.
- બિલ્ડિંગમાં અવરજવર માટે માત્ર એક જ મેઈન એન્ટ્રન્સ અને એક્ઝિટ રસ્તો હતો.
- બિલ્ડિંગમાં વીજળીનું વાયરિંગ અને ઈલેક્ટ્રિક ઉપકરણો પણ અત્યંત અસુરક્ષિત રીતે ગોઠવવામાં આવ્યા હતા.
- બિલ્ડિંગની અંદર ACના આઉટર યુનિટ અને અન્ય ઉપકરણો પણ સુરક્ષાના નિયમો વિરુદ્ધ લગાવવામાં આવ્યા હતા.
- ફાયર બ્રિગેડ અને NDRFની ટીમને રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન બિલ્ડિંગની દીવાલ તોડીને અંદર પ્રવેશ કરવો પડ્યો હતો.
- તપાસમાં સામે આવ્યું કે, બિલ્ડિંગના સંચાલકો અને જવાબદાર વ્યક્તિઓને સંભવિત જોખમની જાણકારી હોવા છતાં, તેમની તરફથી સુરક્ષાના કોઈ પગલાં કે આગોતરી વ્યવસ્થા કરવામાં નહોતી આવી.

લખનઉમાં સર્જાયેલી આ ભીષણ દુર્ઘટના બાદ હવે એ ગંભીર સવાલો ઊભા થયા છે કે, રહેણાંક વિસ્તારમાં આવી બોક્સ જેવી કોમર્શિયલ ઈમારત કેવી રીતે ધમધમી રહી હતી. લખનઉ ડેવલપમેન્ટ ઓથોરિટી (LDA)ના અધિકારીઓ હવે એ દિશામાં ઝીણવટભરી તપાસ કરી રહ્યા છે કે, રહેણાંક હેતુ માટે મંજૂર કરવામાં આવેલી બિલ્ડિંગનો ઉપયોગ વ્યાવસાયિક પ્રવૃત્તિઓ માટે કઈ રીતે થવા લાગ્યો.

# તંત્રી લેખ......

## પ્રસાદની ચોરી શ્રદ્ધા પર પ્રહાર છે

સદીઓના સંઘર્ષ, અસંખ્ય લોકોના બલિદાન અને દાયકાઓની કાનૂની લડાઈઓ પછી અયોધ્યામાં બનેલા રામ મંદિર માટે પ્રસાદની ચોરીએ લોકોની શ્રદ્ધાને ઊંડી ઠેસ પહોંચાડી છે અને તેમના વિશ્વાસને હચમચાવી નાખ્યો છે. કોઈ પણ વ્યક્તિ માટે કલ્પના કરવી મુશ્કેલ છે કે દાનના દરેક પૈસાનો હિસાબ રાખવા માટે જવાબદાર લોકો જ ચોરી કરી રહ્યા હતા. એક જૈં આ ચોંકાવનારા કેસની તપાસ કરી રહી છે. આશા છે કે સત્ય બહાર આવશે, પરંતુ જ્યાં સુધી તે ન થાય ત્યાં સુધી કોઈ નિશ્ચિતતા નથી. દાન કેટલા સમયથી ચોરી થઈ રહ્યું હતું તે કહેવું મુશ્કેલ છે, પરંતુ તે વિચિત્ર છે કે સ્થાનિક વિપક્ષી નેતાઓને પહેલા તેની જાણ થઈ, અને પછી સપાના વડા અખિલેશ યાદવે તેને જાહેર કર્યું. જ્યારે આ બન્યું, ત્યારે મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે દાવો કર્યો કે બધું બરાબર છે અને દાનમાં કોઈ ઉચાપતનો ઈનકાર કર્યો. આમ કરવામાં ઉતાવળ શું હતી? આ ઈનકાર પછી, એવું બહાર આવ્યું કે ચોક્કસ વ્યક્તિઓના છુપાયેલા સ્થળોમાંથી પૈસા મળી આવ્યા હતા. એવું પણ જાણવા મળ્યું કે દાનની ગણતરીમાં સામેલ લોકો અચાનક આર્થિક રીતે ધનવાન બની ગયા હતા અને લાખો અને કરોડોની જમીન ખરીદી રહ્યા હતા. એવા અહેવાલો પણ બહાર આવ્યા કે ભગવાન રામને દાગીના ચઢાવનારાઓને રસીદો આપવામાં આવી ન હતી, અને કેટલાકને કહેવામાં આવ્યું હતું કે તેમના ચાંદી અથવા સોનાના પ્રસાદ ઓગાળી દેવામાં આવ્યા હતા. એવું પણ બહાર આવ્યું કે દાન પેટીઓનું યોગ્ય રીતે નિરીક્ષણ કરવામાં આવ્યું ન હતું અને દાન યોગ્ય રીતે ગણવામાં આવ્યું ન હતું.

જ્યારે એક કથિત આંતરિક તપાસમાં ગંભીર ગેરરીતિઓ બહાર આવી, ત્યારે મંદિર ટ્રસ્ટે રાજ્ય સરકારને તપાસની વિનંતી કરી. ત્યારબાદ, એક જૈં ની રચના કરવામાં આવી. અગાઉ, રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા, જેમણે પોતાની ભૂમિકા ફક્ત બાંધકામની દેખરેખ રાખવાની હોવાનું કહ્યું હતું, તેઓ અચાનક ટીવી ચેનલો પર દેખાયા અને કહ્યું કે દાનપેટીઓની દેખરેખ અને તકેદારીમાં નોંધપાત્ર ખામીઓ છે. તેમણે પ્રસાદની ચોરીને લૂંટનું સ્વરૂપ ગણાવીને આપમેળે આ બાબતની ગંભીરતા પર ભાર મૂક્યો. તેમણે મંદિર વ્યવસ્થાપન પર દેખરેખ રાખવા માટે ઝઈ ની નિમણૂકની પણ હિમાયત કરવાનું શરૂ કર્યું. આ જરૂરિયાત પહેલા કેમ સમજાઈ ન હતી? ખરેખર, આવા ફક્ત એક જ નહીં પરંતુ ઘણા પ્રશ્નો છે. એ સમજવું મુશ્કેલ છે કે ટ્રસ્ટના બધા અધિકારીઓ મંદિરના સંચાલનમાં સક્રિય રીતે કેમ સામેલ ન હતા. એવું કેમ લાગે છે કે કેટલાક સભ્યો ફક્ત નામના સભ્યો હતા? શું તે એટલા માટે હતું કારણ કે થોડા વ્યક્તિઓએ પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું હતું? સત્ય ગમે તે હોય, તે વિચિત્ર છે કે લાખો લોકોની શ્રદ્ધાને ઠેસ પહોંચાડનાર આ મામલો પ્રકાશમાં આવ્યા પછી, કોઈએ નૈતિક જવાબદારી લેવાની હિંમત બતાવી નહીં. તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી કોઈએ રાજીનામું આપવાની પણ ઓફર કરી નહીં.

આવા પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત મંદિરના ટ્રસ્ટના અધિકારીઓએ નૈતિક પ્રામાણિકતા દર્શાવવા માટે તૈયાર રહેવું જોઈતું હતું. રામ મંદિર મર્યાદા પુરુષોત્તમ (સર્વશક્તિમાન) ના અવતાર ભગવાન રામનું મંદિર છે. આ મંદિરના સંચાલકોએ ઉચ્ચતમ સ્તરનું શિષ્ટાચાર દર્શાવવો જોઈતો હતો. શું તેઓ ફક્ત ત્યારે જ રાજીનામું આપશે જ્યારે SIT તેમની ભૂમિકા શંકાસ્પદ જાહેર કરશે કે જ્યારે તેઓ પોલીસ તપાસમાં દોષિત દેખાશે? આ કેસમાં હ્લૈંઈનો અભાવ ઘણા પ્રશ્નો ઉભા કરે છે. જ્યારે આ કાર્યવાહી વહેલા કે મોડા સુધી પહોંચવા માટે કરવી પડશે, તો પછી વિલંબનું શું વાજબીપણું છે? આ એવો કેસ નથી જ્યાં ફક્ત પ્રસાદના હિસાબ અને વ્યવસ્થાપનમાં ખામીઓ સુધારવાથી ફરજ પૂર્ણ થશે. પ્રસાદ ચોરી કરવાનું પાપ કરનારાઓને કડક સજા કર્યા વિના અને જેમની બેદરકારીને કારણે આ બન્યું તેમને સિસ્ટમમાંથી બાકાત રાખ્યા વિના ટ્રસ્ટ પુનઃસ્થાપિત થશે નહીં. વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે શક્ય તેટલું બધું કરવું જોઈએ.

જો જરૂરી હોય તો, રામ મંદિર ટ્રસ્ટનું વિસર્જન અને પુનર્ગઠન કરવું જોઈએ, કારણ કે આ બાબતમાં માત્ર કરોડો રૂપિયાની ઉચાપત જ નહીં પરંતુ લાખો લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો પણ સમાવેશ થાય છે. આનાથી મોટી વિડંબના બીજી કોઈ હોઈ શકે નહીં કે મંદિર, જેનું સંચાલન આદર્શ રીતે થવું જોઈતું હતું, તે જ રીતે સંચાલિત થઈ રહ્યું નથી. આ કેમ ન થયું તેની જવાબદારી નક્કી કરવાની સખત જરૂર છે.

જ્યાં એકબીજા સાથે દેવતુલ્ય વ્યવહાર કરવામાં આવતો હોય છે, ત્યાં જ સ્વર્ગનું નિર્માણ થાય છે

# ગુજરાત લોકભવન ખાતે આયોજિત ઐતિહાસિક શ્રીરામકથાનો ચોથો દિવસ

### પુત્રવધૂઓ સાથે માત્ર દીકરી જેવો નહીં, પણ આંખ અને પાંપણ જેવો સંબંધ રાખવોઃ કુસંગરૂપી મંથરાથી પોતાના પરિવારને હંમેશા સુરક્ષિત રાખવો : આચાર્ય શ્રી કુલદીપજી મહારાજ








ગાંધીનગર સ્થિત ગુજરાત લોકભવન ખાતે આયોજિત ઐતિહાસિક શ્રીરામકથાના ચોથા દિવસે સુપ્રસિદ્ધ કથાવાચક આચાર્ય શ્રી કુલદીપજી મહારાજે શ્રીરામ-જાનકી વિવાહ બાદ અયોધ્યા વાપસી, રાજ્યાભિષેકની તૈયારીઓ અને પરિવારિક મૂલ્યો પર સવિસ્તાર પ્રવચન આપ્યું હતું.

આચાયશ્રીએ રાજા દશરથ અને ત્રણેય રાણીઓના સંવાદનો પ્રસંગ વર્ણવતા જણાવ્યું હતું કે, જ્યારે પુત્રવધૂઓનું અયોધ્યા આગમન થયું ત્યારે રાજા દશરથે રાણીઓને ઉપદેશ આપ્યો કે, પુત્રવધૂઓ સાથે માત્ર દીકરી જેવો નહીં, પરંતુ આંખ અને પાંપણ વચ્ચે જેવો સંબંધ છે તેવો વ્યવહાર રાખવો. જેવી રીતે પાંપણ આંખને અત્યંત કોમળ સ્પર્શ કરે છે અને રક્ષણ આપે છે, તેવી જ કોમળતાથી પરિવારના સભ્યોએ એકબીજા સાથે વ્યવહાર કરવો જોઈએ. આચાયશ્રીએ અપીલ કરી હતી કે, માત્ર પુત્રવધૂ પર જ ઘરની જવાબદારી ન નાખવી, સાસુ-સસરા અને પતિએ પણ સંબંધોને નિભાવવા માટે સમાન પ્રયાસ કરવા જોઈએ, જેનાથી પરિવારમાં ભંગાણ ન પડે.

કથા દરમિયાન તેમણે સમજાવ્યું કે, સ્વર્ગ કોઈ આકાશમાં નથી, પરંતુ જે ઘરમાં લોકો એકબીજાનો આદર કરે છે અને પ્રેમથી રહે છે, તે ઘર જ સ્વર્ગ સમાન છે. તેમણે કહ્યું કે, જ્યાં એકબીજા સાથે દેવતુલ્ય વ્યવહાર કરવામાં આવતો હોય છે, ત્યાં સ્વર્ગનું નિર્માણ થાય છે.

મહારાજા દશરથ દ્વારા રાજસભામાં શ્રીરામના રાજ્યાભિષેકનો પ્રસ્તાવ લાવવામાં આવતા અયોધ્યાવાસીઓમાં આનંદની લહેર દોડી ગઈ હતી. આ પ્રસંગે આચાયશ્રીએ સમયના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે, શુભ કાર્યમાં વિલંબ ન કરવો જોઈએ. જે કામ આજે કરવાનું છે તે અત્યારે જ કરી લેવું જોઈએ, કારણ કે કાલ આવશે ત્યારે સમય હાથમાંથી નીકળી ગયો હશે. તેમણે સત્સંગ અને કુસંગનો તફાવત સમજાવતા મંથરાને કુસંગનું પ્રતીક ગણાવી તેનાથી પોતાના પરિવારને હંમેશા સુરક્ષિત રાખવો જોઈએ તેમ ઉમેર્યું હતું.

ભજન અને રામચરિત માનસની ચોપાઈઓના ગાન દ્વારા આચાયશ્રીએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. 'જય શ્રી રામ'ના નાદથી સમગ્ર લોકભવનનું વાતાવરણ ભક્તિમય અને દિવ્ય બની ગયું હતું.

આ કાર્યક્રમની શરૂઆતમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજ્યસભા સાંસદ અને અગ્રણી ઉદ્યોગપતિ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ તથા ધર્મનંદન ડાયમંડના ચેરમેન શ્રી લાલજીભાઈ પટેલે દીપ પ્રાગટય તથા આચાર્ય શ્રી કુલદીપજી મહારાજનું ફુલહાર દ્વારા સન્માન કર્યું હતું.

લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી, પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સુરત મહાનગરપાલિકાના પૂર્વ મેયર ડૉ. જગદીશભાઈ પટેલ સહિતના મહાનુભાવો અને નગરજનોએ ઉપસ્થિત રહી શ્રીરામકથાનું રસપાન કર્યું હતું.

છોટાઉદેપુર : આદિવાસી કૌશલ્યથી વૈશ્વિક સ્પોર્ટ્સ મેન્યુફેક્ચરિંગ તરફનું ગુજરાતનું નવું પગલું

# VGRC મધ્ય ગુજરાત ૨૦૨૬માં રજૂ થશે બાંબૂ આધારિત સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ હબનું વિઝન

### રમતગમત, રોજગારી અને આદિવાસી ઉદ્યોગસાહસિકતાને જોડતી વિકાસની નવી દિશા

ગુજરાત આજે માત્ર ઔદ્યોગિક વિકાસમાં જ નહીં, પરંતુ રમતગમત ક્ષેત્રે પણ રાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ ઉભી કરી રહ્યું છે. એક તરફ રાજ્ય આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતગમત સુવિધાઓનું નિર્માણ કરી રહ્યું છે, તો બીજી તરફ ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોને રમતગમત આધારિત અર્થવ્યવસ્થા સાથે જોડવાના પ્રયાસો પણ ઝડપી બન્યા છે. આ દિશામાં મધ્ય ગુજરાતના છોટાઉદેપુર જિલ્લામાં વિકસાવવામાં આવી રહેલું સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ હબ રાજ્યના વિકાસ મોડલનું અનોખું ઉદાહરણ બની રહ્યું છે.

**VGRC મધ્ય ગુજરાતમાં શું થશે વિશેષ?**

વડોદરાની GSFC યુનિવર્સિટીમાં ૨૯ અને ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) મધ્ય ગુજરાતમાં છોટાઉદેપુરના સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ હબને વિશેષરૂપે રજૂ કરવામાં આવશે. રોકાણકારો સમક્ષ જિલ્લામાં ઉપલબ્ધ બાંબૂ સંસાધન, કુશળ માનવશક્તિ, સંભવિત ક્લસ્ટર વિકાસ અને વૈશ્વિક બજાર સાથે જોડાણની તકો રજૂ કરવામાં આવશે.

આ પહેલનો મુખ્ય હેતુ માત્ર ઉદ્યોગ સ્થાપવાનો નથી, પરંતુ આદિવાસી કૌશલ્યને વૈશ્વિક અર્થતંત્ર સાથે જોડવાનો છે. બાંબૂથી લઈને બ્રાન્ડિંગ સુધીની સમગ્ર મૂલ્યશૃંખલા સ્થાનિક સ્તરે વિકસિત થાય તો છોટાઉદેપુર માત્ર ઉત્પાદન કેન્દ્ર નહીં, પરંતુ ટકાઉ વિકાસ, સ્થાનિક રોજગારી અને આત્મનિર્ભર અર્થતંત્રનું સફળ મોડલ બની શકે છે.

**શું છે છોટાઉદેપુર મોડલ?**

છોટાઉદેપુર જિલ્લો લાંબા સમયથી બાંબૂ હસ્તકલા, લાકડાકામ અને પરંપરાગત કારીગરી માટે ઓળખાય છે. હવે આ જ પરંપરાગત કૌશલ્યને આધુનિક ડિઝાઈન, ટેકનોલોજી અને વૈશ્વિક બજારની જરૂરિયાતો સાથે જોડીને સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ ઉત્પાદનનું કેન્દ્ર બનાવવાની દિશામાં આયોજન કરવામાં આવી રહ્યું છે.

વિશ્વમાં પર્યાવરણમિત્ર અને ટકાઉ ઉત્પાદનોની માંગ ઝડપથી વધી રહી છે. ક્રિકેટ બેટ, સ્ટમ્પ્સ, ટ્રેનિંગ સાધનો, આઉટડોર ગેમ્સ એસેસરીઝ અને અન્ય અનેક સ્પોર્ટ્સ ઉત્પાદનોમાં બાંબૂ અને કુદરતી સામગ્રીના ઉપયોગની સંભાવનાઓ વધી રહી છે. છોટાઉદેપુર પાસે ઉપલબ્ધ કુદરતી સંસાધનો અને સ્થાનિક કારીગરોની કુશળતા આ તકને ઉદ્યોગમાં રૂપાંતરિત કરી શકે તેવી ક્ષમતા ધરાવે છે.

છોટાઉદેપુર મોડેલની વિશેષતા એ છે કે અહીં "સસ્ટેનેબલ મેન્યુફેક્ચરિંગ" અને "કલ્ચરલ બ્રાન્ડિંગ" બંનેને એકસાથે આગળ ધપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. બાંબૂ આધારિત ઉત્પાદન, હલકાં વજનવાળા મટિરિયલ્સ અને રિસાયકલેબલ કોમ્પોનેન્ટ્સ જેવી સંકલ્પનાઓ હવે વૈશ્વિક રમતગમત ઉદ્યોગમાં મહત્વ મેળવી રહી છે. અંદાજ મુજબ ૨૦૨૪ માં USD ૩.૧૪ બિલિયન હતું અને ૨૦૩૦ સુધીમાં ૧૦.૭% ના CAGR પર વૃદ્ધિ પામવાનો અંદાજ છે. સેન્સર આધારિત બોલ, સ્માર્ટ રેકેટ અને વેરેબલ ફિટનેસ ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં પણ ઝડપી વૃદ્ધિ નોંધાઈ રહી છે.

**શા માટે મહત્વપૂર્ણ છે આ પહેલ?**

વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ બજારનું મૂલ્ય અંદાજે USD ૪૦૭ બિલિયન નોંધાયું હતું. આગામી વર્ષોમાં પણ આ ક્ષેત્રમાં સતત વૃદ્ધિ થવાની ધારણા છે. ભારતમાં આજે ૩૦૦થી વધુ પ્રકારના રમતગમત સાધનોનું ઉત્પાદન થાય છે. દેશનું સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ બજાર ૨૦૨૩માં અંદાજે USD ૨૪.૯ બિલિયન સુધી પહોંચ્યું હતું અને ૨૦૩૦ સુધી તેમાં ૧૩ ટકાથી વધુ વાર્ષિક વૃદ્ધિ થવાનો અંદાજ છે. આ પરિસ્થિતિમાં નવા ઉત્પાદન કેન્દ્રોની જરૂરિયાત ઊભી થઈ રહી છે. છોટાઉદેપુર તેમાંથી એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની શકે છે.

**કોને મળશે લાભ?**

આ પહેલનો સૌથી મોટો લાભ સ્થાનિક યુવાનો, મહિલાઓ, કારીગરો અને સૂક્ષ્મ-લઘુ ઉદ્યોગોને મળશે. કાચા માલના સોર્સિંગથી લઈને ઉત્પાદન, ડિઝાઈન, પેકેજિંગ, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ સુધીની સંપૂર્ણ વેલ્યુ ચેઈનમાં સ્થાનિક લોકોની ભાગીદારી વધશે.

આ સાથે સ્પોર્ટ્સ રિસર્ચ સેન્ટર, ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, સ્પોર્ટ્સ ટૂરિઝમ ઝોન અને ગ્રીન મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ જેવી સુવિધાઓ વિકસાવવાનો પણ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. અંદાજે ૫ લાખથી વધુ લોકો હાલમાં દેશના રમતગમત અને સ્પોર્ટ્સ એપેરલ ક્ષેત્ર સાથે સીધી રીતે જોડાયેલા છે, ત્યારે છોટાઉદેપુર જેવા જિલ્લામાં આ ક્ષેત્ર સ્થાનિક રોજગારી અને ગ્રામીણ અર્થતંત્રને નવી દિશા આપી શકે છે.

**ગુજરાતનો રમતગમત વિકાસનો વ્યાપક દૃષ્ટિકોણ**

રાજ્ય સરકાર રમતગમતને માત્ર સ્પર્ધા કે મનોરંજન તરીકે નહીં, પરંતુ વિકાસના મહત્વપૂર્ણ સાધન તરીકે પણ જોઈ રહી છે. ખેલ મહાકુંભ, ઈન-સ્કૂલ સ્પોર્ટ્સ કાર્યક્રમો અને ખેલાડીઓ માટે આધુનિક તાલીમ સુવિધાઓ દ્વારા ગુજરાતમાં રમતગમત સંસ્કૃતિને મજબૂત બનાવવામાં આવી રહી છે.

ખેલ મહાકુંભમાં વર્ષ ૨૦૧૦ના ૧૬ લાખ સહભાગીઓની સરખામણીએ ૨૦૨૫-૨૬ દરમિયાન ભાગીદારીનો આંકડો લગભગ ૭૧ લાખ સુધી પહોંચ્યો છે. રાજ્યના ૨૩૦થી વધુ શાળાઓમાં ૧.૨૧ લાખથી વધુ બાળકોને રમતગમત તાલીમ આપવામાં આવી રહી છે.

વર્ષ ૨૦૨૬-૨૭ના રાજ્ય બજેટમાં રમતગમત ક્ષેત્ર માટે રૂ. ૧,૩૩૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદમાં યોજાનારી ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને વિશ્વ કક્ષાના રમતગમતની માળખાકીય સુવિધા અને આધુનિક પરિવહન સાથે વિકસાવવા માટે રૂા.૧,૨૭૮ કરોડથી વધુનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ, નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, ભાટ ખાતે પ્રસ્તાવિત ઓલિમ્પિક વિલેજ, નારણપુરાનું વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને કરાઈ ખાતે નિર્માણાધીન એથ્લેટિક્સ સ્ટેડિયમ જેવી સુવિધાઓ ગુજરાતના રમતગમત વિકાસના વ્યાપને દર્શાવે છે.

પરંપરા અને ટેકનોલોજી, કુદરતી સંસાધનો અને વૈશ્વિક બજાર, સ્થાનિક કારીગર અને આધુનિક ઉદ્યોગ - આ તમામને એકસાથે જોડતું છોટાઉદેપુરનું સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ હબ ગુજરાતના વિકાસ પ્રવાસમાં એક નવી અને પ્રેરણાદાયી ગાથા લખવા તરફ આગળ વધી રહ્યું છે.

જળયાત્રા પૂર્વે આવ્યા નવા નીર

# અમદાવાદમાં ફરી સાબરમતી નદી બે કાંઠે થતા સર્જાયો નયનરમ્ય નજારો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરની આગવી ઓળખ સમાન સાબરમતી નદીમાં નવા નીર આવ્યા છે. સાબરમતી નદી બે કાંઠે વહેતી થતા આહલાદક દ્રશ્ય જોવા મળી રહ્યું છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે યોજાતી જળયાત્રાને લઈ સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે અને તેના લીધે નદી બંને કાંઠે છલોછલ જોવા મળી રહી છે. વાસણા બેરેજના દરવાજાના સમારકામને કારણે નદી ખાલી કરવામાં આવી હતી.

ભગવાન જગન્નાથજીની ૨૯મી જૂને જળયાત્રા નીકળવાની છે એ પૂર્વે સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. પરંપરાગત જળયાત્રા સાબરમતી નદી ભુદરના આરેથી પ્રારંભ થતો હોય છે. સાબરમતી નદીમાંથી ૧૦૮ કળશ જળ ભરવામાં આવે છે અને એ નદીના જળથી ભગવાનને અભિષેક કરવામાં આવે છે. આ જળયાત્રાના આયોજનને લઈને સાબરમતી નદીને ફરી પાણીથી ભરવામાં આવી છે. ગત એપ્રિલ માસથી સાબરમતી નદી પર બનેલા વાસણા બેરેજના દરવાજાના રીપેરીંગની કામગીરીના કારણે સાબરમતી નદીને ખાલી કરવામાં આવી હતી.

મહત્વનું છે કે, અમદાવાદની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદી પરના મહત્વપૂર્ણ એવા વાસણા-બેરેજના આધુનિકીકરણની કામગીરી માત્ર ૩૫ દિવસના રેકોર્ડ બ્રેક સમયમાં પૂર્ણ કરવામાં આવી છે. રૂ.૧૦.૧૫ કરોડના ખર્ચે ૧૯ નવા દરવાજા નાખવાનું અને ૧૦ ગેટનું રીપેરીંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૫માં ડેમ-સેફ્ટી એક્ટ હેઠળ કરાયેલા પ્રિ-મોન્સુન નિરીક્ષણમાં યાંત્રિક શાખા દ્વારા બેરેજના દરવાજાઓનું નવીનીકરણ અને રીપેરીંગ માટે ભલામણ કરવામાં આવી હતી. આ ભલામણોના આધારે બેરેજની લાંબાગાળાની સુરક્ષાને ધ્યાને રાખીને ગત તા. ૧૭ એપ્રિલ ૨૦૨૬થી બેરેજમાંથી પાણી સંપૂર્ણ ખાલી કરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી.આ સાથે જ સાબરમતી નદીમાં ફરી પાણી ભરવામાં આવી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ઈરાનના રાષ્ટ્ર પ્રમુખે મોકલ્યો સંદેશો

# ખામેનેઈના અંતિમ સંસ્કારમાં આવવા વડાપ્રધાન મોદીને આમંત્રણ

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાનના રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેઝેશ્કિયને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઈરાન આવવાનું આમંત્રણ આપ્યું છે. આ આમંત્રણ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ખામેનેઈનું મોત થયું હતું. જેની સત્તાવાર પુષ્ટિ ઈરાન દ્વારા ૧ માર્ચ ૨૦૨૬ના રોજ કરવામાં આવી હતી.

ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈના અંતિમ સંસ્કાર ૪ જુલાઈ ૨૦૨૬થી શરૂ થઈ રહ્યા છે. ઈરાન અમેરિકા સાથે ડીલ પર કરાર કર્યા પછી આ કાર્યક્રમને પોતાની શક્તિ અને ઈરાની સાર્વભૌમત્વના પ્રદર્શન તરીકે રજૂ કરી રહ્યું છે. ૫ દિવસ પછી ૯ જુલાઈ ૨૦૨૬ના રોજ ખામેનેઈને તેમના વતન મશહદમાં દફનાવવાની સાથે સમાપ્ત થશે. હવે યુદ્ધ સમાપ્ત થયા પછી આ તારીખ નક્કી થઈ છે. ઈરાન આ આયોજનને ભવ્ય બનાવવા માટે પૂરી તૈયારી કરી રહ્યું છે. તેહરાનમાં ૪ અને ૫ જુલાઈએ ખામેનેઈના દેહને જનતાના દર્શન માટે રાખવામાં આવશે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૨૪/૦૬/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૬૦ | ૧,૪૮૦.૦૦ | ૧,૮૩૮.૦૦ |
| ૨ | એરંડા | ૨૦ | ૧,૩૭૦.૦૦ | ૧,૩૮૫.૦૦ |
| 3 | તલ | ૫ | ૧,૯૦૦.૦૦ | ૨,૨૯૦.૦૦ |
| ૪ | ઘઉં | ૨૩૫ | ૪૮૭.૦૦ | ૫૩૧.૦૦ |
| ૫ | બાજરી | ૧૩૮ | ૪૫૨.૦૦ | ૪૮૦.૦૦ |
| ૬ | મકાઇ | ૫૦ | ૪૬૦.૦૦ | ૪૭૮.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ભારત પર મોટું સંકટ

# નાસાએ ડરાવ્યા! પ્રશાંત મહાસાગરમાં ખતરનાક 'અલ નીનો' સક્રિય થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકી અંતરિક્ષ એજન્સી 'નાસા' ના સેટેલાઈટ ડેટા અનુસાર, પ્રશાંત મહાસાગરમાં એક અત્યંત શક્તિશાળી 'અલ નીનો' સક્રિય થઈ રહ્યો છે. નાસાના સેન્ટિનલ-૬ માઈકલ ળેલિચ સેટેલાઈટે નોંધ્યું છે કે, ભૂમધ્ય રેખા નજીક સમુદ્રની સપાટી સામાન્ય કરતાં ઘણી ઊંચી છે, જે દર્શાવે છે કે, સમુદ્રની નીચે મોટા પ્રમાણમાં ગરમ પાણી જમા થઈ રહ્યું છે. આ વૈશ્વિક હવામાન પરિવર્તનની સીધી અસર ભારતના ચોમાસા અને અર્થતંત્ર પર પડી શકે છે.વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, હાલમાં પશ્ચિમ પ્રશાંત મહાસાગરની સ્થિતિ વર્ષ ૧૯૯૭માં આવેલા ભયાનક અલ નીનો જેવી જ છે, જેને 'ગોડઝિલા અલ નીનો' નામ આપવામાં આવ્યું હતું. નાસાની લેબે ૮ જૂનની સ્થિતિનો એક નકશો જાહેર કર્યો છે, જેમાં લાલ રંગ દરિયાની સપાટીમાં થયેલો જોખમી વધારો દર્શાવે છે. આ આબોહવા પરિવર્તન આગામી સમયમાં વિશ્વભરમાં મોટો પ્રભાવ પાડી શકે છે.આ અલ નીનોને કારણે આગામી સમયમાં વૈશ્વિક તાપમાનમાં મોટો વધારો થશે અને વરસાદની પેટર્ન બદલાઈ જશે. હવામાન સંગઠનોનું માનવું છે કે, આ છેલ્લા ૧૫૦ વર્ષમાં સૌથી મજબૂત અલ નીનો હોઈ શકે છે. જો આના કારણે ભારતનું ચોમાસું નબળું પડશે, તો દેશના કૃષિ ક્ષેત્ર અને આશરે ૪ ટ્રિલિયન ડોલરની ભારતીય અર્થવ્યવસ્થા પર તેની ગંભીર નકારાત્મક અસરો જોવા મળી શકે છે

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# અમદાવાદ મંડળ પર રાજભાષા કાર્યાન્વયન સમિતિની બેઠકની આયોજિત; ઈ પત્રિકા 'આશ્રમ સૌરભ' ના ૫૫મા અંકનું વિમોચન






પશ્ચિમ રેલવેની મંડળ રેલવે મેનેજર ઓફિસ, અમદાવાદમાં તારીખ ૨૪.૦૬.૨૦૨૬ ના રોજ મંડળ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશની અધ્યક્ષતામાં 'મંડળ રાજભાષા કાર્યાન્વયન સમિતિ' ની બેઠક આયોજિત કરવામાં આવી. આ અવસર પર મંડળની ઈ-પત્રિકા 'આશ્રમ સૌરભ' ના ૫૫મા અંકનું વિમોચન કરવામાં આવ્યું.

પ્રેમચંદ જયંતી અને પ્રશ્ન-મંચનું આયોજન

બેઠક અગાઉ હિંદી સાહિત્યના યુગપ્રવર્તક પ્રેમચંદ જી ની જયંતી ઉજવવામાં આવી. રાજભાષા વિભાગ દ્વારા તેમના જીવનવૃતાંત અને સાહિત્ય પર એક રોમાંચક રજૂઆત કરવામાં આવી. આ અવસર પર આયોજિત 'હિન્દી પ્રશ્ન-મંચ' માં રેલવે કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં વિજેતાઓને મંડળ રેલવે મેનેજર દ્વારા ઈનામ આપવામાં આવ્યા.

રાજભાષાના ઉત્કૃષ્ટ પ્રયોગ માટે સન્માન

સરકારી કામકાજમાં રાજભાષના ઉપયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી 'રાજભાષા રત્ન' પ્રોત્સાહન યોજના હેઠળ મંડળના ૦૮ અધિકારીઓ અને કર્મચારીઓને રોકડ ઈનામ અને પ્રમાણ-પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા.

દૈનિક કામોમાં સરળ હિન્દીના ઉપયોગ પર ધ્યાન

મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ પોતાના સંભાષણમાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અપીલ કરી કે તેઓ નિર્ધારીત લક્ષ્યોથી આગળ વધીને રાજભાષા હિન્દીમાં અધિકૃત કામ સુનિશ્ચિત કરે તથા તેના ઉપયોગને વધુ સહજ અને અસરકારક બનાવવા પર ધ્યાન આપે.

મંડળના તમામ વિભાગોની ટીમો તૈયાર કરીને તેમની વચ્ચે મંડળ સ્તરની પ્રશ્નોત્તરી હરીફાઈ આયોજિત કરવામાં આવશે જેનાથી રાજભાષાના પ્રચાર પ્રસારને વેગ મળશે.

તેમણે જણાવ્યું કે, "રાજભાષા ફક્ત પત્રવ્યવહારની ભાષા નથી, પરંતુ સંવાદને જીવંત અને પારદર્શક બનાવવાનું મજબૂત માધ્યમ પણ છે. જ્યારે આપણે દૈનિક કામોમાં સામાન્ય વાતચીતની સરળ હિન્દીનો ઉપયોગ કરીએ છીએ, તો એનાથી ફક્ત કામોના અમલીકરણમાં ઝડપ જ નથી આવતી, પરંતુ સામાન્ય જનતા અને રેલવે યાત્રીઓ સાથે આપણું જોડાણ વધુને વધુ મજબૂત થાય છે. આપણે આને એક ઔપચારિક જવાબદારી રૂપે જ નહીં, પરંતુ પોતાની સહજ કાર્યશૈલીનું અભિન્ન અંગ બનાવવું જોઈએ."

બેઠકમાં અપર મંડળ રાજભાષા અધિકારી શ્રમતી મંજૂ મીણા, રાજભાષા અધિકારી (પ્રભારી) શ્રી હાફિજ અલી ખાન સહિત મંડળના તમામ સિનિયર અધિકારી અને કર્મચારી ઉપસ્થિત રહ્યા.

## દર શુક્રવારે ભાવનગર ટર્મિનસ–શકૂર બસ્તી વચ્ચે ચાલતી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની અવધિ ૩૧ જુલાઈ સુધી લંબાવવામાં આવી

યાત્રિયોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ઉનાળા અને તહેવારી સીઝન-૨૦૨૬ દરમિયાન વિશેષ ભાડા પર ચલાવવામાં આવતી ટ્રેન ઓન ડિમાન્ડ (TOD) શ્રેણીની વિશેષ ટ્રેનોની અવધિ લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અનુસંધાને ભાવનગર મંડળ દ્વારા સંચાલિત ભાવનગર ટર્મિનસ–શકૂર બસ્તી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરાઓ પણ વધારવામાં આવ્યા છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર મંડળ શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ મુસાફરોની સુવિધા અને વધારાની મુસાફરી માંગને પહોંચી વળવા નીચે મુજબની વિશેષ ટ્રેનોની અવધિ લંબાવવામાં આવી છે:

ટ્રેન નં. ૦૯૨૫૭ ભાવનગર ટર્મિનસ–શકૂર બસ્તી સાપ્તાહિક સ્પેશિયલ

આ ટ્રેન અગાઉના નિર્ધારિત કાર્યક્રમ મુજબ ૨૬ જૂન, ૨૦૨૬ સુધી ચાલવાની હતી. હવે તેની અવધિ વધારીને ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી કરવામાં આવી છે. આ ટ્રેન દર શુક્રવારે ભાવનગર ટર્મિનસથી બપોરે ૧૪:૨૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે શનિવારે સવારે ૧૦:૫૫ વાગ્યે શકૂર બસ્તી પહોંચશે.

ટ્રેન નં. ૦૯૨૫૮ શકૂર બસ્તી–ભાવનગર ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ

આ ટ્રેન અગાઉના નિર્ધારિત કાર્યક્રમ મુજબ ૨૭ જૂન, ૨૦૨૬ સુધી ચાલવાની હતી. હવે તેની અવધિ વધારીને ૦૧ ઑગસ્ટ, ૨૦૨૬ સુધી કરવામાં આવી છે. આ ટ્રેન દર શનિવારે શકૂર બસ્તીથી બપોરે ૧૩:૧૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રવિવારે સવારે ૦૮:૫૦ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

ટ્રેન નં. ૦૯૨૫૭ના વિસ્તૃત ફેરાઓ માટેનું આરક્ષણ ૨૫ જૂન, ૨૦૨૬થી તમામ કમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો તેમજ IRCTCની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે મુસાફરી પહેલાં ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે રેલવેની સત્તાવાર પૂછપરછ વેબસાઈટ www.enquiry. indianrail. gov.in ની મુલાકાત લે.

### આંગણવાડી કાર્યકર બહેનોને સેટકોમના માધ્યમથી યોગાઅભ્યાસની ઓનલાઈન તાલીમ અપાઈ

## પ્રવેશોત્સવમાં આંગણવાડી કેન્દ્રના ભૂલકાંઓએ સૂર્યનમસ્કાર અને યોગના આસનો કરી સૌને મંત્રમુગ્ધ કર્યા





રાજ્યભરમાં અત્યારે લાખો બાળકો ઉત્સાહ સાથે નવા સત્રની શરૂઆત કરી રહ્યાં છે. ત્યારે રાજકોટ જિલ્લાની વેરાવળ-૧૨ આંગણવાડી કેન્દ્રના ભૂલકાંઓએ પ્રવેશોત્સવમાં સૂર્યનમસ્કાર અને યોગના આસનો કરી સૌને મંત્રમુગ્ધ કર્યા છે.

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત કાર્યરત આંગણવાડી કેન્દ્રો હવે માત્ર પોષણ અને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ પૂરતા મર્યાદિત ન રહેતા, બાળકોના સર્વાંગી અને શારીરિક વિકાસ માટે પણ એક નવું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. "આંગણવાડી પ્રવેશોત્સવ અને શાળા પ્રવેશોત્સવ" અંતર્ગત રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના વેરાવળ-૧૨ આંગણવાડી કેન્દ્રના નાના ભૂલકાંઓએ યોગની અદભુત કૃતિ રજૂ કરીને ઉપસ્થિત સૌ કોઈને આશ્ચર્યચકિત કર્યા હતા. આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના નાના બાળકો ખૂબ જ સરળતાથી અને આત્મવિશ્વાસપૂર્વક સૂર્યનમસ્કાર તેમજ અન્ય યોગાસનો કરતા જોવા મળ્યા હતા. આ સફળતા પાછળ આંગણવાડી કાર્યકર બહેનની રાત-દિવસની મહેનત અને વિભાગની આયોજનબદ્ધ કામગીરી જવાબદાર છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યભરના આંગણવાડી કેન્દ્રોમાં આવતા બાળકો તંદુરસ્ત, સ્ફૂર્તિલા બને, તેમની ઊંચાઈ તેમજ શારીરિક ક્ષમતામાં વધારો થાય તેવા આશયથી એક વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ નવી ઝૂંબેશ અંતર્ગત આંગણવાડીના દૈનિક સમયપત્રકની શરૂઆતમાં જ પ્રથમ ૧૫ થી ૨૦ મિનિટ બાળકોને ફરજિયાત યોગાભ્યાસ કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનને સફળ બનાવવા માટે વિભાગ દ્વારા તમામ આંગણવાડી કાર્યકર બહેનોને સેટકોમ (SATCOM) ના માધ્યમથી ઓનલાઈન તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમનો સદુપયોગ કરીને વેરાવળ-૧૨ આંગણવાડી કેન્દ્રના કાર્યકર બહેને બાળકોને રમત-ગમત સાથે નિયમિત યોગ કરાવવાનું શરૂ કર્યું. જેના પરિણામે આજે આ નાની ઉંમરના બાળકો કોઈપણ ક્ષતિ વિના સૂર્યનમસ્કારના તમામ સ્ટેપ્સ ખુબ જ સરળતાથી કરવા સક્ષમ બન્યા છે.

- ઋચા રાવલ

### રુદ્ર વીણાના નિર્માણ માટે શ્રી કિશોરભાઈની સંગીત નાટક અકાદમી દ્વારા રાષ્ટ્રીય પુરસ્કાર માટે પસંદગી

# 'વિકાસ ભી, વિરાસત ભી': રુદ્ર વીણાના નિર્માણની પરંપરાને રાષ્ટ્રીય ગૌરવ અપાવનાર શ્રી કિશોરભાઈ મિસ્ત્રી

### ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ મ્યુઝિયમ એક્સ્પો એ યુવા વર્ગમાં રુદ્ર વીણા પ્રત્યે રૂચિ પેદા કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી : શ્રી કિશોરભાઈ મિસ્ત્રી

ગુજરાતની કલાનગરી તરીકે વિખ્યાત વડોદરાનો મિસ્ત્રી પરિવાર છેલ્લા ૧૫૦ વર્ષથી દુર્લભ અને ઐતિહાસિક એવી રુદ્રવીણાના વારસાને જાળવી રાખવા પ્રયાસ કરી રહ્યો છે મિસ્ત્રી પરિવારના આ પ્રયાસોનું રાષ્ટ્રીય સ્તરે બહુમાન થયું. નવી દિલ્હી સ્થિત સંગીત નાટક અકાદમી, એ રુદ્ર વીણા નિર્માણ માટે શ્રી કિશોરભાઈ સોમાભાઈ મિસ્ત્રીની સંગીત નાટક અકાદમી પુરસ્કાર વર્ષ-૨૦૨૪ માટે પસંદગી કરી છે.



આ સન્માન માટે પસંદગી પામ્યા બાદ પ્રથમ પ્રતિભાવ આપતાં શ્રી કિશોરભાઈએ કહ્યું : " આ મારું સન્માન નથી, પણ પૂર્વજોની સાધના-તપસ્યાનું ફળ છે." શ્રી કિશોરભાઈ પોતાના હદયના ભાવ વ્યક્ત કરતાં કહે છે "મારું સન્માન એ વ્યક્તિગત સિદ્ધિ નથી, પણ ગુજરાતની સમૃદ્ધ સંગીત પરંપરાને રાષ્ટ્રીય સ્તરે માન્યતા છે." નોંધપાત્ર બાબત એ છે કે કિશોરભાઈ છેલ્લા પાંચ દાયકાથી રુદ્ર વીણાના નિર્માણ અને સંવર્ધન માટે પરિશ્રમ કરે છે.

શ્રી કિશોરભાઈની સંગીત-યાત્રા પર નજર કરીએ તો વર્ષ ૨૦૨૩માં સંગીત નાટક અકાદમી દ્વારા રુદ્રવીણાના નિર્માણ માટે ગુરુ તરીકેનું બિરુદ આપવામાં આવ્યું અને ગુરુ-શિષ્ય પરંપરા અનુસાર હાલ તેઓ સંગીત-સાધકોને રુદ્ર વીણા નિર્માણ શીખવે છે.

સંગીતના બદલાઈ રહેલા સ્વરૂપ અને ભાવિ પેઢીની રૂચિ અંગે વાત કરતાં તેઓ કહે છે વર્ષ ૨૦૨૩માં મને પ્રથમ ઈન્ટરનેશનલ મ્યુઝિયમ એક્સ્પોમાં ભાગ લેવાની તક મળી. આ એક્સ્પોમાં સંગીતપ્રેમીઓ અને મુલાકાતીઓએ ઘણી રૂચિ દાખવી, જેમાં યુવા-વર્ગની હાજરી ઉડીને આંખે વળગે તેવી હતી. શ્રી કિશોરભાઈના મતે આ એક્સ્પોમાં રુદ્ર વીણા અને તેના નિર્માણમાં યુવા વર્ગે દાખવેલો રસ નોંધપાત્ર બાબત હતી.

★રુદ્ર વીણા નિર્માણની પ્રક્રિયા અને સંગીત-જગતમાં તેનું મહત્વ

છેલ્લા પાંચ દાયકાથી રુદ્ર વીણા નિર્માણ સાથે સંકળાયેલા શ્રી કિશોરભાઈ મિસ્ત્રી તેની નિર્માણ-પ્રક્રિયા સમજાવે છે. તેઓ કહે છે કે રુદ્ર વીણાની નિર્માણ-પ્રક્રિયા કુદરતી તત્વો પર નિર્ભર છે. વીણાના બંને છેડે અવાજ ગુંજે તે માટે ગોળ તુંબડા લગાવવામાં આવે છે. જે દૂધીના વેલાનું કુળ ધરાવતી વનસ્પતિમાંથી તૈયાર થાય છે. જે આમ તો ભારતમાં બધે ઉગે છે. પરંતુ રુદ્ર વીણા માટે મહારાષ્ટ્રના પંઢરપુરની ચંદ્રભાગા નદીના પટમાં થતા તુંબડા પસંદ કરવામાં આવે છે. આ તુંબડાને જોડવા માટે 'પેસિફિક બામ્બુ'ના દંડનો ઉપયોગ થાય છે. આ પેસિફિક બામ્બુ (વાંસ)ની ઋતુ પ્રમાણે કુદરતી રીતે સુકવણી કરવામાં આવે છે. ત્યારબાદ તેને ગરમ સળીયા વડે વાંસની અંદરની ગાંઠો બાળી તેને અંદરથી પોલો કરવામાં આવે છે, જેથી ધ્વનિ વિના વિક્ષેપ તેમાંથી પસાર થઈ શકે. આ વીણાની ખૂંટીઓ માટે કાળા સીસમનું લાકડું વપરાય છે. શાસ્ત્રોમાં સંગીતના પ્રથમ સૂર એટલે કે 'ષડ્જ' (સા) માટે મોરને પ્રતીકરૂપ ગણવામાં આવે છે. તેથી વીણા પર કાળા સીસમ કે સાગના લાકડામાંથી આકર્ષક મયુર કંડારવામાં આવે છે. એક રુદ્ર વીણાના નિર્માણમાં નક્શીકામ સાથે અંદાજિત બેથી ત્રણ વર્ષનો સમય લાગતો હોય છે.

મિસ્ત્રી પરિવાર વડોદરાના વેરાઈ માતા ચોક, ખંડેરાવ માર્કેટ પાસે આવેલી ૧૫૩વર્ષ જૂની દુકાનમાં રુદ્ર વીણાનું નિર્માણ કરે છે. અહી તૈયાર થયેલું સિતાર મેટ્રોપોલિટન મ્યુઝિયમ-ન્યૂયોર્ક- યુએસએ, હોલેન્ડ મ્યુઝિયમમાં સરસ્વતી વીણા, બરોડા મ્યુઝિયમ અને ફ્રાંસ મ્યુઝિયમમાં રુદ્ર વીણા જેવા વાદ્યો વિશ્વના પ્રતિષ્ઠિત સંગ્રહાલયોની શોભા વધારી રહ્યા છે. આ ઉપરાંત ગુજરાતના વડનગરમાં નિર્માણ પામી રહેલા ભવ્ય સંગીત મ્યુઝિયમ માટે આ પરિવારે ૩૧ જેટલા સંગીતના પરંપરાગત વાદ્યો તૈયાર કર્યા છે.

★રુદ્ર વીણા નિર્માણ પ્રક્રિયામાં મિસ્ત્રી પરિવારનું આગમન કેવી રીતે થયું ?

આ તંતુ વાદ્યના નિર્માણની કળામાં મિસ્ત્રી પરિવારમાં કેવી રીતે પ્રવેશ્યો તેની વાત રસપ્રદ છે. કિશોરભાઈ મિસ્ત્રી કહે છે કે તેમના પરદાદા શ્રી મનસુખ રઘુનાથજી એ ગાયકવાડ દરબારના પ્રખ્યાત રુદ્ર વીણા વાદક એમ.સી. બુઆ પાસે સંગીત શીખવા જતા હતા. એ સમયે અકસ્માતે ગુરુજીની વીણા તૂટી ગઈ. તે સમયે વડોદરામાં આ વીણાની દુરસ્તી માટે કોઈ કારીગર નહોતા. ત્યારે મનસુખ રઘુનાથજીએ પોતાની કોઠાસૂઝથી એ વાદ્યની એવી સરસ દુરસ્તી કરી કે ગુરુજી પણ આશ્ચર્યચકિત થઈ ગયા. ગુરુજીએ રાજી થઈને કહ્યું, "આ વાદ્ય ખૂબ સરસ રીતે દુરસ્ત થયું છે, તેમાં કોઈ ખામી જણાતી નથી. આપ આ જોઈને નવું વાદ્ય બનાવો. ગુરુજીના શબ્દોને માન આપી મનસુખજીએ પ્રયત્ન કર્યો અને આમ ૧૫૩ વર્ષ પહેલાં આ પરિવારનો વાદ્ય નિર્માણના ક્ષેત્રમાં પ્રવેશ થયો. - હરેશ્વરી

### ચોમાસું છોટાઉદેપુર સુધી પહોંચી ગયું

# ગુજરાતમાં ચોમાસાની વિધિવત એન્ટ્રી, આઠ જિલ્લામાં પ્રવેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના ખેડૂતો માટે ખૂબ જ ખુશીના સમાચાર છે. ગુજરાતમાં ચોમાસાના શ્રીગણેશ થયા છે. દક્ષિણ ગુજરાતમાં ચોમાસાનું આગમન થયું છે. ચોમાસું છેક છોટાઉદેપુર સુધી પહોંચી ગયું છે. રાજ્યના ૮ જિલ્લામાં ચોમાસાનું આગમન થયું છે. વલસાડ, સુરત, તાપી, ડાંગ, નવસારી, નર્મદા, ભરૂચમાં પણ ચોમાસાની પધરામણી થઈ છે. છોટાઉદેપુર જિલ્લામાં પણ ચોમાસાની એન્ટ્રી થઈ છે.

સમુદ્રની સપાટી પર ઉત્તર રાજસ્થાનથી ઉત્તર પ્રદેશ થઈને બિહાર સુધી ચોમાસાની સિઝનલ ટ્રફ (ટ્રફ રેખા) હજી પણ સક્રિય છે. મધ્ય અને ઉપલા ટ્રોપોસ્ફિયર પશ્ચિમી પવનોમાં સરેરાશ સમુદ્રની સપાટીથી ઉત્તર પ્રદેશના મધ્ય ભાગોથી રાજસ્થાન થઈને ઉત્તર ગુજરાત સુધી એક ટ્રફ સક્રિય છે. આ સાથે જ ઉત્તર ગુજરાત અને તેની આસપાસના વિસ્તારોમાં હવામાં ચક્રવાતી પવનનું સરક્યુલેશન (Cyclonic Circulation) યથાવત છે. હાલના તબક્કે આ સમગ્ર ક્ષેત્રમાં નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે, જે ચોમાસાને આગળ વધવામાં મદદ કરી રહ્યા છે. આ સાનુકૂળ હવામાન પ્રણાલીઓને કારણે આગામી દિવસોમાં ગુજરાત સહિત મધ્ય અને ઉત્તર ભારતના રાજ્યોમાં વરસાદી માહોલ જામવાની પૂરેપૂરી સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ૨૯ જૂન સુધી ગુજરાતના હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાનો નથી. આ સાથે આગામી દિવસોમાં કેટલાક વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. આજના વેધર રિપોર્ટ પ્રમાણે, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, પંચમહાલ, મહીસાગર, દાહોદ, અરવલ્લી, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને જૂનાગઢમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની આગાહી આપવામાં આવી છે.

બીજી બાજુ, આ વર્ષે મુંબઈમાં ચોમાસુ મોડું આવ્યું છે, છતાં તેણે વરસાદની ઋતુ શરૂ થતાં જ તેની તીવ્રતા દર્શાવી દીધી છે. વરસાદને કારણે ગરમી અને ભેજમાંથી રાહત મળી છે, પરંતુ તેના કારણે મુશ્કેલી પણ વધી છે. મુશળધાર વરસાદને કારણે અંધેરી સબવે બંધ કરવો પડ્યો હતો, અને ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી રહેવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં વૃક્ષો પડી જવાથી નુકસાનના અહેવાલો પણ છે.

### 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ – ૨૦૨૬'

# બીજા દિવસે ૮ હજારથી વધુ ગામો અને ૧૧ હજારથી વધુ શાળાઓ બન્યાં શિક્ષણ ઉત્સવના સાક્ષી

### બે દિવસમાં રાજ્યભરમાં કુલ ૧૧.૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ શાળામાં કરાવ્યું નામાંકન

'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ – ૨૦૨૬'ના બીજા દિવસે એટલે કે તા. ૨૪ જૂનના રોજ રાજ્યભરમાં કુલ ૮,૧૭૩ ગામો અને ૧૧,૯૮૭ શાળાઓમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોના સ્વાગત માટે મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સહિત કુલ ૨૯,૬૮૨ મહાનુભાવો વિવિધ શાળાઓની મુલાકાત લઈને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આમ, છેલ્લા બે દિવસમાં રાજ્યભરમાં કુલ ૧૭,૩૩૮ ગામો, ૬૦,૧૮૪ મહાનુભાવો અને ૨૪,૭૧૬ શાળાઓ આવરી લઈને કુલ ૧૧.૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓનું નામાંકન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં સાક્ષરતાનો દર વધારવા અને રાજ્યના દરેક બાળકનું ૧૦૦ ટકા નામાંકન સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ – ૨૦૨૬'ની ૨૪મી કડીનો ગત રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વડનગરની ઐતિહાસિક બી.એન. હાઈસ્કૂલથી રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ શૈક્ષણિક મહાપર્વની શરૂઆત કરવામાં આવી, જ્યાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાનું શાળા શિક્ષણ મેળવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા તેમજ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજાના નેતૃત્વ હેઠળ રાજ્યનો એક પણ બાળક શિક્ષણના અધિકારથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. શિક્ષણના આ મહાપર્વ દરમિયાન નવી પેઢીના લાખો બાળકોએ શાળામાં પ્રવેશ મેળવી રેકોર્ડબ્રેક નામાંકન નોંધાવ્યું છે. આજે પ્રવેશોત્સવ દરમિયાન આંગણવાડી અને બાલમંદિરમાં ૬૨ હજારથી વધુ બાળકોએ અક્ષરજ્ઞાનનો શ્રીગણેશ કર્યો હતો. બાલવાટિકામાં કુલ ૧,૩૯,૯૨૫ પ્રવેશપાત્ર બાળકો સામે કુલ ૧.૪૦ લાખ કરતાં વધુ નવા નામાંકન નોંધાયા છે. આ ઉપરાંત ધોરણ-૧માં ૩૪ હજારથી વધુ, ધોરણ-૯માં ૧,૯૬,૭૫૫, ધોરણ-૧૧માં ૧,૦૧,૭૫૯ જેટલા વિદ્યાર્થીઓ તેમજ 'Back to School Survey' મુજબ ૨૧,૮૯૨ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પ્રવેશ મેળવી શાળા પ્રવેશોત્સવને ખરા અર્થમાં સફળ બનાવ્યો હતો. તદુપરાંત આજે રાજ્ય સરકાર દ્વારા ૮૪૭ જેટલી શાળાઓમાં નવીન પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત કન્યા કેળવણીને વધુ વેગ આપવા માટે પ્રવેશોત્સવ દરમિયાન રાજ્યની ૫,૬૬૪ જેટલી પ્રતિભાશાળી કન્યાઓને 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' અર્પણ કરીને તેમને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. રાજ્યની ઉદાર જનતાએ આ શિક્ષણ યજ્ઞને લોકોત્સવનું સ્વરૂપ આપીને ખુલ્લા હાથે સહયોગ આપ્યો છે. આ અભિયાન દરમિયાન લોકભાગીદારી સ્વરૂપે કુલ રૂ. ૯.૧૯ કરોડ કરતાં વધુની માતબર સહાય પ્રાપ્ત થઈ હતી. તેમાં રૂ. ૧.૨૫ કરોડ કરતાં વધુ રોકડ સ્વરૂપે તેમજ રૂ. ૭.૯૫ કરોડ કરતાં વધુના મૂલ્યના વિવિધ શૈક્ષણિક સાધનો શાળાઓને ભેટરૂપે અર્પણ કરવામાં આવ્યા હતા.

'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ – ૨૦૨૬' માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ શિક્ષણ પ્રત્યેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા, સમાજની સહભાગિતા અને ઉજ્જ્વળ ભવિષ્ય તરફ ગુજરાતના મજબૂત સંકલ્પનું જીવંત પ્રતિક બની રહ્યું છે.

- જીગર બારોટ

## વરસાદ ખેંચાતાં કચ્છમાં જળસંકટ ઘેરાયું: ડેમોમાં પાણીનો જથ્થો તળિયે: ૧૭૦ નાની સિંચાઈના ડેમોની સ્થિતિ વધુ ગંભીર

(સંપૂર્ણ સમાચાર સેવા)ભુજ

સુપર અલ નીનોની અસરને પગલે ચાલુ વર્ષે ચોમાસું વિલંબમાં પડતાં મેઘતૃષ્ણાનાં મુલક સમા કચ્છ જિલ્લા પર જળસંકટના વાદળો ઘેરાયા છે. સામાન્ય રીતે જૂન મહિનાના અંત સુધીમાં શરૂ થઈ જતું ચોમાસું હજુ સુધી ન બેસતાં જિલ્લાના જળસ્ત્રોતો ખાલી થઈ રહ્યા છે. હાલમાં કચ્છના મધ્યમ સિંચાઈના ડેમોમાં માત્ર ૨૭ ટકા અને નાની સિંચાઈના ડેમોમાં માંડ ૧૩ ટકા પાણીનો જથ્થો બચ્યો છે, જે સમગ્ર રાજ્યમાં ઝોન વાઈઝ સૌથી ઓછો જળસંગ્રહ છે.સિંચાઈ વિભાગના સત્તાવાર આંકડા મુજબ, જિલ્લાના ૨૦ મધ્યમ ડેમોમાં તેની કુલ ક્ષમતાના માત્ર ૨૭ ટકા (૮૮.૧ મિલિયન ક્યુબિક મીટર) પાણી ઉપલબ્ધ છે, જે ગત વર્ષ કરતાં બે ટકા ઓછું છે. આ પૈકીના પાંચ મુખ્ય ડેમો કાલિયા, રુદ્રમાતા, કાસવતી, નિરોણા અને ગજોડ સાવ તળિયા ઝાટક થઈ ગયા છે, જ્યારે અડધાથી વધુ ડેમોમાં માંડ ૩૦ ટકા આસપાસ પાણી બચ્યું છે. માત્ર પાંચ ડેમમાં જ કંઈક અંશે પૂરતો જથ્થો છે.બીજી તરફ, જિલ્લા પંચાયત હસ્તકના ૧૭૦ નાની સિંચાઈના ડેમોની સ્થિતિ વધુ ગંભીર છે, જેમાંના ૧૧૯ ડેમો સંપૂર્ણ ખાલી થઈ ગયા છે. આ ડેમોમાં કુલ ક્ષમતા સામે માત્ર ૧૩ ટકા પાણી બચ્યું છે, જેમાંથી વાપરી શકાય તેવો જીવંત જથ્થો તો માંડ ૮ ટકા જ છે. આગામી સપ્તાહમાં પણ સાર્વત્રિક વરસાદની શક્યતા નહિવત હોઈ, હાલનો જથ્થો જુલાઈના પ્રથમ પખવાડિયા સુધી જ ચાલે તેમ છે. જો ત્યાર પછી પણ વરસાદ ન થાય તો કચ્છમાં પાણીની સ્થિતિ અત્યંત કપરી બનવાના એંધાણ છે.

# માણસા પોલીસ સ્ટેશનના યુવા પોલીસકર્મીનો ફાંસો ખાઈ આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

જિલ્લાના પોલીસબેડામાંથી એક અત્યંત દુઃખદ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. માણસા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક યુવા પોલીસકર્મીએ સોમવારે મોડી સાંજે પોતાના નિવાસસ્થાને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આ ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં આ અંતિમ પગલું ભરવા પાછળ પારિવારિક પ્રશ્નો જવાબદાર હોવાની આશંકા સેવાઈ રહી છે.મળતી વિગતો અનુસાર, આત્મહત્યા કરનાર યુવા પોલીસકર્મીનું નામ પર્વ ગોસ્વામી છે, જેઓ વર્ષ ૨૦૧૭માં પોલીસ દળમાં ભરતી થયા હતા. તેઓ અગાઉ ગાંધીનગરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, જ્યાંથી તાજેતરમાં જ તેમની બદલી માણસા પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવી હતી. ઘટનાના દિવસે પર્વ ગોસ્વામી ફરજ પર નહોતા અને રજા મંજૂર કરાવીને પોતાના ઘરે જ હતા, તે દરમિયાન સોમવારે મોડી સાંજે તેમણે આ અણધાર્યું પગલું ભરી લીધું હતું.છેલ્લા ૨ વર્ષથી માણસા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા યુવા પોલીસકર્મી પર્વ ગોસ્વામી મૂળ મહેસાણાના વતની હતા. તેઓ ગાંધીનગરના ગ્રામ ભારતી ચોકડી પાસે આવેલી સ્વપ્રશીલ સોસાયટીમાં પોતાના પરિવાર સાથે રહેતા હતા. તેમના પરિવારમાં પત્ની અને સંતાનમાં એક નાનો પુત્ર છે. સોમવારે રાત્રે પર્વભાઈના પત્ની કોઈ કામસર થોડા સમય માટે ઘરની બહાર ગયા હતા, આ જ ટૂંકા ગાળા દરમિયાન તેમણે ઘરમાં ગળેફાંસો ખાઈ લીધો હતો.

### શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬: બીજો દિવસ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આદિજાતિ જિલ્લા દાહોદના મોટી ખરજ, રાહડુંગરી અને ગાંગરડામાં ૩૦૦થી વધુ બાળકોનો શાળા પ્રવેશ કરાવ્યો







**આદિજાતિ વિસ્તારોમાંથી નિરક્ષરતાનું કલંક મિટાવવા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલો શાળા પ્રવેશોત્સવ આજે શિક્ષણ ક્ષેત્રે વિકાસનું વટવૃક્ષ બન્યો છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિજાતિ વિસ્તારોમાંથી નિરક્ષરતાનું કલંક મિટાવવા શરૂ કરાવેલો શાળા પ્રવેશોત્સવ આજે શિક્ષણ ક્ષેત્રે વિકાસનું વટવૃક્ષ બની ગયો છે.

આદિજાતિ વિસ્તારોમાં વર્ષોની શિક્ષણ ભૂખ પૂરી થઈ છે અને ભૂતકાળના શાળા પ્રવેશોત્સવમાં શાળાઓમાં દાખલ થયેલા બાળકોએ આજે ડોક્ટર, એન્જીનીયર, પાયલોટ જેવા ક્ષેત્રોમાં સમાજનું નામ ઉજળું કર્યુ છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રી ૨૪માં શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે દાહોદ જિલ્લાની શાળાઓમાં સહભાગી થયા હતા. મોટી ખરાજ, રાહડુંગરી અને ગાંગરડા ગામોની શાળાઓમાં કુલ ૩૦૦થી વધુ બાળકોને શાળા પ્રવેશ તેમણે કરાવ્યો હતો.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આધુનિક સુવિધાઓ, ગુણવત્તાયુક્ત શિક્ષણથી વિદ્યાર્થીઓનું ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કર્યું છે. શાળાઓમાં સ્માર્ટ ક્લાસરૂમ, કોમ્પ્યુટર લેબ, ઈન્ટરનેટ સુવિધા અને આધુનિક સાયન્સ લેબ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધાઓના કારણે ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આધુનિક શિક્ષણ સાથે જોડાઈને સ્પર્ધાત્મક વિશ્વમાં આગળ વધી રહ્યા છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શિક્ષણ ક્ષેત્રે ગુણાત્મક પરિવર્તન લાવવાના સંકલ્પ સાથે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા વિવિધ અભિયાનો અને યોજનાઓના પરિણામે આજે અનેક વિદ્યાર્થીઓએ સફળતાના નવા શિખરો સર કર્યા છે.

શિક્ષણ અધવચ્ચે છોડી દેનારા બાળકોને ફરી શિક્ષણ સાથે જોડવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે તેની વિગતો આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અધિકારીઓ અને શિક્ષણ વિભાગના કર્મચારીઓ દ્વારા આવા બાળકોના ઘરે જઈ તેમની સમસ્યાઓ જાણી અને તેમને ફરી શાળામાં લાવવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વાલીઓને પણ પોતાના બાળકોના ભવિષ્ય માટે સક્રિય ભાગીદાર બનવા અને નિયમિત રીતે શાળાની મુલાકાત લઈ શિક્ષકો સાથે બાળકોની પ્રગતિ અંગે ચર્ચા કરવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

યોગ્ય માર્ગદર્શન અને તક મળે તો દીકરીઓ પણ દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે તેનું ઉદાહરણ આપતા મુખ્યમંત્રશ્રીએ કહ્યું હતું કે, ખરજ ગામની ત્રણ દીકરીઓએ રગ્બી રમતમાં નેશનલ લેવલ સુધી પહોંચીને સમગ્ર ગામ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

સાયન્સ સહિતના ઉચ્ચ શિક્ષણને વધુ પ્રોત્સાહન આપવા માટે સરકારે વિવિધ મહત્વપૂર્ણ યોજનાઓ અમલમાં મૂકી છે તેની જાણકારી આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે સ્કોલરશિપ યોજનાનો આદિજાતિ વિદ્યાર્થીઓને વધુ લાભ મળે તે માટે આવક મર્યાદા રૂ. ૨.૫ લાખથી વધારીને રૂ. ૬ લાખ કરી છે. આ ઉપરાંત નમો લક્ષ્મી યોજનામાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી દીકરીઓને કુલ રૂ. ૫૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. અને નમો સરસ્વતી યોજનામાં ધોરણ ૧૧-૧૨માં સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ. ૫૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે.

એટલું જ નહિ, ધોરણ ૧૧-૧૨ સાયન્સ પૂર્ણ કરનાર દીકરીઓને વિવિધ યોજનાઓના લાભથી કુલ રૂ. ૭૫,૦૦૦ સુધીની સહાય મળી શકે છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, અગાઉ સાયન્સ શિક્ષણની સુવિધાઓનો અભાવ હતો, પરંતુ હવે જિલ્લા સ્તરે એન્જિનિયરિંગ અને મેડિકલ જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ ઉપલબ્ધ થતાં આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ ડોક્ટર અને એન્જિનિયર બનવાના સપનાઓ સાકાર કરી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આધુનિક યુગમાં ટેકનોલોજીનો સદુપયોગ કરવાની જરૂરિયાત અંગે બાળકોને કહ્યું હતું કે, વિદ્યાર્થીઓએ મોબાઈલ અને ટીવીનો યોગ્ય ઉપયોગ કરી અભ્યાસ, વાંચન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે સમય ફાળવવો જોઈએ. વાલીઓએ પણ બાળકોના ટેકનોલોજી ઉપયોગ પર સકારાત્મક દેખરેખ રાખી તેમને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ પર્યાવરણ અને જળ સંરક્ષણ માટે 'કેચ ધ રેન' અભિયાન અંતર્ગત વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળ સ્તર વધારવા તેમજ 'એક પેડ મા કે નામ' જેવી વૃક્ષારોપણની મુહિમ દ્વારા ગ્રીન કવર વધારવા અને પર્યાવરણ સુરક્ષા માટે જનભાગીદારીનું આહવાન કર્યું હતું.

આ પ્રસંગે સાંસદશ્રી જસવંતસિંહ ભાભોરે આદિવાસી સમાજના ઉત્થાન માટે રાજ્ય સરકારના પ્રયાસોની સરાહના કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં શરૂ થયેલા આ અભિયાનને કારણે ઉમરગામથી અંબાજી સુધીના સમગ્ર આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું સ્તર ઊંચું આવ્યું છે અને 'ડ્રોપ-આઉટ રેશિયો'માં નોંધપાત્ર ઘટાડો થયો છે. અગાઉ દીકરીઓના શિક્ષણ પ્રત્યે રહેલી ઉદાસીનતા દૂર થઈ છે અને આજે આદિવાસી યુવાનો ડોક્ટર, એન્જિનિયર અને વકીલ બનીને સમાજનું ગૌરવ વધારી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આજે દાહોદ જેવા અંતરિયાળ વિસ્તારોમાં પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચ્યું છે, તેમ કહી સિંગવડ ખાતે રૂ. ૨૩ કરોડના ખર્ચે નિર્મિત અંગ્રેજી માધ્યમની આધુનિક શાળા આ વિસ્તારના બાળકોને વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પૂરું પાડશે, તેમ ગૌરવભેર ઉમેર્યું હતું.

સાંસદશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'વનબંધુ કલ્યાણ યોજના-૨' દ્વારા આદિવાસી વિસ્તારોના વિકાસને નવી ગતિ આપી છે. ભૂતકાળમાં મજૂરી માટે થતું પલાયન અટકાવવા માટે સરકાર મક્કમ છે. જે અંતર્ગત બારિયા, ધાનપુર, ગરબાડા, દાહોદ અને ઝાલોદ વિસ્તારમાં નર્મદાના નીર પહોંચાડવા માટે રૂ. ૫૦૦૦ કરોડથી વધુની રકમને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે, જે આ વિસ્તારમાં સિંચાઈ ક્રાંતિ લાવશે. આમ સિંચાઈ અને શિક્ષણમાં આવેલી આ ક્રાંતિથી આદિવાસી પરિવારોનું સ્થળાંતર અટકશે અને નવી પેઢી આત્મનિર્ભર બનશે, તેમ શ્રી ભાભોરે સહર્ષ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ શાળામાં ઉપસ્થિત વાલી સમિતિના સભ્યો સાથે રૂબરૂ મુલાકાત કરીને સીધો સંવાદ સાધ્યો હતો. આ આત્મીય સંવાદ દરમિયાન તેમણે વાલીઓના મૂલ્યવાન પ્રતિભાવો અને અપેક્ષાઓ જાણી હતી. બાળકોના ઉજ્જવળ શૈક્ષણિક ભવિષ્યના ઘડતર અને ગુણવત્તાયુક્ત શિક્ષણના વ્યાપ વધારવા અંગે તેમણે વાલીઓ સાથે મહત્વપૂર્ણ પરામર્શ કરીને જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા. પર્યાવરણ જતનના સંદેશ સાથે મુખ્યમંત્રીશ્રીએ શાળા પ્રાંગણમાં 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ ભાભોર, દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ગમાબેન મોહનીયા, સંગઠનના જિલ્લા પ્રમુખશ્રી સ્નેહલભાઈ ધરિયા, કલેક્ટર શ્રી સુરભી ગૌતમ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્મિતા લોઢા સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ, સંબંધિત ગામના સરપંચો સહિતના પદાધિકારીઓ, શિક્ષકગણ, શાળાના બાળકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગંભીર ઘટના સમયે તાત્કાલિક બહાર નીકળવાની કોઈ વ્યવસ્થા ના હતી

**લખનૌમાં જે ઈમારતમાં આગ લાગી હતી એમાં એન્ટ્રી - એક્ઝિટ માટે એક જ માર્ગ હતો**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

લખનૌમાં સોમવારે જ્યાં આગ લાગી હતી એ ઈમારતમાં પૂરતા અગ્નિ સલામતી પગલા વિના, કટોકટી સમયે બહાર નીકળવાના માર્ગો અથવા ધૂમાડાના વેન્ટિલેશન સિસ્ટમ વિના ધંધાકીય સંસ્થા તરીકે કાર્યરત હતી. અલીગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIRમાં પોલીસ દ્વારા નોંધાયેલા પ્રથમ માહિતી અહેવાલ એફઆઈઆર અનુસાર બિલ્ડીંગ નો નકશો રેસીડન્સ તરીકે દર્શાવી પાસ કરાયો હતો. જ્યારે બિલ્ડીંગમાં ધંધાકીય પ્રવૃત્તિઓ ધમધમતી હતી. જેમાં બિલ્ડીંગના માલિક અને પાલતુ પ્રાણીઓની દુકાન અને એનિમેશન સેન્ટરના સંચાલકો સહિત ચાર લોકોના નામ છે.

પોલીસે જણાવ્યું હતું કે ચારેયની ધડપકડ કરવામાં આવી છે. આ કેસ હત્યા ન ગણાતા ગુનાહિત હત્યા, ગુનાહિત હત્યા કરવાનો પ્રયાસ અને માનવ જીવનને જોખમમાં મુકતા ઉતાવળ અથવા બેદરકારી ભર્યા કૃત્યો તેમજ ઉત્તર પ્રદેશ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ એક્ટની જોગવાઈઓ હેઠળ દાખલ કરવામાં આવ્યો છે.

આ FIR મુજબ તારીખ ૨૨ જૂન ના રોજ બપોરે લગભગ ૨:૩૦ વાગ્યે અલીગંજના સેક્ટર ડી માં આવેલ આ ત્રણ માળની ઈમારતમાં પાલતુ પ્રાણીઓની દુકાન અને ક્લિનિકમાં આગ લાગી હતી. જેમાં ગ્રાઉન્ડ અને પહેલા માળે પાલતુ પ્રાણીઓની દુકાન અને ક્લિનિક બીજા માળે વિડીયો ગેમિંગ ઝોન અને 3D એનિમેશન સેન્ટર અને ત્રીજા માળે આઈટી નેટવર્કિંગ ઓફિસ હતી. આ ફરિયાદમાં આરોપ મુકવામાં આવ્યો છે કે ઈમારતના માલિકો અને વ્યવસાયો સાથે સંકળાયેલા લોકોએ "આગ સલામતી માટે કોઈ વ્યવસ્થા કરી ન હતી અને ઈમરજન્સી એક્ઝીટ અથવા પ્રવેશ માટે કોઈ વ્યવસ્થા ન હતી. પ્રવેશ અને બહાર નીકળવા માટે તેમાં ફક્ત એક જ મુખ્ય રસ્તો હતો અને બીજો કોઈ બહાર નીકળવાનો દરવાજો કે કટોકટીનો દરવાજો ન હતો." સદર આગમાં ૧૫ લોકોના મૃત્યુ થયા હતા. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ હતા તેમના ગૂંગળામણ અને સળગવાના કારણે મૃત્યુ થયા હતા. જ્યારે ૯ અન્ય ઘાયલ થયા હતા તેમને કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી (KGMU) ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં પાલતુ પ્રાણીઓની દુકાનના સંચાલક રામકૃષ્ણ ઉપાધ્યાય (૪૩), મકાનના માલિક વિરેન્દ્ર પ્રસાદ શુક્લા (૬૨), એનિમેશન સેન્ટરના સંચાલક તુષાર કૃષ્ણ જયસ્વાલ (૩૧) અને સુરેશકુમાર શાહુ ની ધરપકડ કરી છે.

SIT ની પેનલના સભ્ય ADG લખનૌ ઝોન પ્રવીણ કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે એસ.આઈ.ટી સાત દિવસમાં સરકારને પોતાનો રિપોર્ટ સુપરત કરશે.

### બોલો કહેવું છે કંઈ?

# એક જ બાઈકના નંબર ઉપર ૨.૩૬ લાખ રૂપિયાના કુલ ૧૦૭ પેન્ડિંગ ચલાન

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં એક એક થી ચઢિયાતા નમુનાઓ પડેલા છે એમાંથી આ એક નમૂનાની બાઈક ના નંબર પર કુલ ૧૦૭ પેન્ડિંગ ચલાન જેના દંડની રકમ થાય છે ૨.૩૬ લાખ રૂપિયા. એવો આ કિસ્સો છે દિલ્હી પાસેના ગુડગાંવ એક ટ્રાફિક પોલીસને પણ તેના જીવનમાં કદી ના જોયો હોય એવો કેસ જોવા મળ્યો. વાહનોની રૂટીન તપાસ દરમિયાન ટ્રાફિક પોલીસે એક યુવાનને તેની બાઈક સાથે રોક્યો હતો. તેને હેલ્મેટ પહેરી ન હોતી એટલે પોલીસને તેને આંતરી લીધો હતો. સામાન્ય રીતે રોડ પર ટ્રાફિક પોલીસ બે ઓપ્શન આપે છે એક તો એક લેટેસ્ટ ગુનાની ફાઈન ભરીને છૂટી જવું છે કે પછી અત્યારે ચલાન કાપીએ અને તમે ટ્રાફિક પોલીસ પાસે જઈને પછી ફાઈન ભરી લેશો?

આ બાઈકરે અત્યારે ચલાન બનાવી દો, પછીથી ફાઈન ભરી દઈશ એવો ઓપ્શન પસંદ કર્યો. જોકે એ માટે તેની બાઈક નો નંબર વેબસાઈટ પર નાંખીને તપાસ કરી તો આ બાઈક પર ઓલરેડી ૧૦૭ ચલન પેન્ડિંગ હતા એ બધાની કુલ દંડની રકમ થતી હતી ૨.૩૬ લાખ રૂપિયાથી વધુ આ રકમ જોયા પછી પોલીસે તેને બાઈક જપ્ત કરી લીધી હતી.

### પોરબંદર પંથકમાં ત્રણ લોકો દ્વારા આપઘાતની કોશિષ

# પતિ મૃત્યુ પામ્યાનો સાસુએ વીડિયો મોકલતાં મહિલા પોલીસ કર્મીએ ઝેર પીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)પોરબંદર

પોરબંદર પોલીસમાં ફરજ બજાવતી એક મહિલાનો પતિ મૃત્યુ પામ્યો હોય તેવો વીડિયો તેની સાસુએ ફોનમાં મોકલતા આઘાત લાગતા આ મહિલા પોલીસ કર્મચારીએ ઉંદર મારવાની દવા પી લેતા સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતા.

પોરબંદર પોલીસમાં ફરજ બજાવતા અને ઉદ્યોગનગર આશાપુરા ચોક ખાતે રહેતા નીલમબેન રમણીકભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૩૭)એ ઉંદર મારવાની ઝેરી દવા પી લેતાં બેભાન હાલતમાં સરકારી ભાવસિંહજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ભાનમાં આવતા નાયબ મામલતદાર સમક્ષ એવું નિવેદન આપ્યું હતું કે તેના પતિ મૃત્યુ પામ્યા હોય તેવો વીડિયો મોબાઈલ ફોનથી તેના સાસુએ મોકલ્યો હતો જેથી આઘાત લાગતા તેમણે દવા પીધી હતી. આગળની તપાસ ઉદ્યોગનગર પોલીસ ચલાવી રહી છે. મોઢવાડા ગામે વાછરાડાડાના મંદિર પાસે રહેતા નિરૂપાબેન રામભાઈ મોઢવાડીયા (ઉ.વ.૨૧) દ્વારા બગવદર પોલીસ સ્ટેશનમાં એવું જાહેર કરવામાં આવ્યું છે કે તેમના સાસુ સસરાથી જુદા રહેવાની ઘરમાં વાતચીત ચાલતી હતી જે બાબતે ખીજ ચડી જતા નીરૂએ રૂમમાં જઈને દરવાજો બંધ કરીને મગફળીના મુંડા મારવાની ઝેરી દવા પી લીધી હતી.

# ચાંગોદરમાં પ્લાઝ્મા ભેળસેળ કૌભાંડ મામલે આરોગ્ય વિભાગ સજ્જ, દોષિતો સામે કડક કાર્યવાહી થશેઃ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા

**આ ઉત્તમ કામગીરી બદલ અમદાવાદની SOG પોલીસ તેમજ અધિકારીઓને અભિનંદન પાઠવતા રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા**

અમદાવાદ જિલ્લાના ચાંગોદર વિસ્તારમાં બહાર આવેલા પ્લાઝ્મા ભેળસેળ અને હેરાફેરીના કૌભાંડને રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગે અત્યંત ગંભીરતાથી લીધું છે.



આ મામલે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ વ્યક્તિ કે તત્વને બક્ષવામાં નહીં આવે અને દોષિતો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ અને સંબંધિત તપાસ એજન્સીઓ દ્વારા કૌભાંડમાં સંડોવાયેલા લોકોની ભૂમિકા તપાસવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દર્દીઓની સુરક્ષા અને આરોગ્ય સેવાઓની ગુણવત્તા જાળવવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

શ્રી પાનશેરીયાએ જણાવ્યું હતું કે બ્લડ પ્લાઝ્મા જેવી જીવનરક્ષક સામગ્રીમાં ભેળસેળ કરવી અત્યંત ગંભીર અને માનવતાવિરોધી પ્રવૃત્તિ છે. આવા કૃત્યો આરોગ્ય વ્યવસ્થા પ્રત્યે લોકોના વિશ્વાસને નુકસાન પહોંચાડે છે, તેથી સરકાર આ મામલે શૂન્ય સહનશીલતાની નીતિ અપનાવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં બ્લડ બેંક્રો, પ્લાઝ્મા કલેક્શન સેન્ટરો અને સંબંધિત એકમોની કામગીરી પર વધુ કડક દેખરેખ રાખવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે નિયંત્રણ અને મોનિટરિંગ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવશે.

આરોગ્ય મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તપાસ પૂર્ણ થયા બાદ સમગ્ર કૌભાંડના તથ્યો બહાર આવશે અને જવાબદાર તમામ લોકો સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

"દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈને છોડવામાં નહીં આવે. પારદર્શક અને નિષ્પક્ષ તપાસ દ્વારા જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે."

### હવે કેદી નંબર ૯૦૮૮૮ નંબરથી ઓળખાશે

# ચૈતર વસાવાને રાજપીપળાથી વડોદરા સેન્ટ્રલ જેલ ખસેડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા સહિત નવ લોકોને રાજપીપળા સેશન્સ કોર્ટે દોષિત જાહેર કરીને સાત વર્ષની કેદની સજા ફટકારી છે. આપના ચૈતર વસાવાએ ફોરેસ્ટના કર્મચારી પર હુમલાના કેસમાં સજા સંભળાવવામાં આવી છે. આ કેસમાં સેશન્સ કોર્ટે ચૈતર વસાવા, પત્ની શકુંતલા સહિત નવ આરોપીને દોષિત જાહેર કર્યા છે. ધારાસભ્ય ચૈતર વસાવા અને અન્ય આરોપીને રાજપીપળા જિલ્લા જેલમાંથી વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અહીં ધારાસભ્ય ચૈતર વસાવાને ૯૦૮૮૮ કેદી નંબર ફાળવવામાં આવ્યો છે. આજે તેમને બેરેક પણ ફાળવી દેવામાં આવશે. તો બીજી બાજુ આમ આદમી પાર્ટીની લિગલ સેલ મંગળવારથી જ ગુજરાત હાઈકોર્ટમાં જવાની તૈયારીમાં લાગી ગયા છે. ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમની પત્ની સહિત ૯ આરોપીને સાત વર્ષની કેદની સજાનો આખરી હુકમ છે. ૧૯૦ પાનાનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં આખરી હુકમનો ચુકાદો ૧૮ પાનાનો છે. નર્મદાનાં એડી. સેશન્સ જજની અદાલતમાં નામદાર એ.વી. હિરપરા, એડી. સેશન્સ જજે આ અંગેનો ચુકાદો આપ્યો છે. ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૯, ૩૩૨, ૩૫૩, ૩૮૬, ૨૯૪(B), ૫૦૬(૨), ૨૦૧, ૩૪ તથા આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧)(છ) મુજબ સજા ફટકારવામાં આવી છે.

રાજપીપળા ખાતેની એડીશનલ સેશન્સ કોર્ટે ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવાને તમામ નવ આરોપીને સાત વર્ષની સજા ફટકારી છે. ધારાસભ્ય ચૈતર વસાવાને અલગ અલગ ગુનાઓમાં સજા કરવામાં આવી છે. તમામ આરોપીને સાત વર્ષની સજા સાથે ૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. ધારાસભ્ય ચૈતર વસાવાને સાત વર્ષની સજા અને ૯૬ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત ૫૦ હજાર અલગથી દંડ ફટકારવામાં આવ્યો છે. ચૈતર વસાવા અને તેમની પત્ની શકુંતલા વસાવાને સાત વર્ષની સજા ફટકારતા ભરૂચ નર્મદાના રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. ઈન્ચાર્જ સરકારી વકીલ, વંદના ભટ્ટે આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે, "કોઈ વ્યક્તિએ ફોરેસ્ટની જમીન પર ગેરકાયદેસર વાવેતર કર્યું હતું અને તે વાવેતર ફોરેસ્ટના અધિકારીઓએ દૂર કર્યું હતું. તેના અનુસંધાનમાં ચૈતર વસાવાએ આ ફોરેસ્ટના કર્મચારીઓને પોતાના ઘરે બોલાવીને ધાકધમકી આપી હતી. તેમની પાસે જે પિસ્તોલ કે બંદૂક હતી તેનાથી તેમણે હવામાં ગોળીબાર કર્યો હતો. આ સાથે ધોલ-ધપાટ કરી હતી. પછી બીજા દિવસે તેમના પર્સનલ સેક્રેટરીએ ૩૦-૩૦ હજાર એમ કરીને ૬૦ હજારની ખંડણી માંગી હતી. આ અંગેનો કેસ હતો. આ કેસમાં પાંચ પુરુષ આરોપી અને ચાર સ્ત્રી આરોપી છે. નામદાર કોર્ટે તમામ આરોપીને સાત વર્ષની કેદ અને ૨૫ હજારનો દંડ જાહેર કર્યો છે. આ તમામ આરોપીને રાજપીપળા જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કર્યો છે. તેમાં અન્ય જિલ્લા ટ્રાન્સફર માટેની અરજી પણ આપવામાં આવી છે. ફરિયાદીએ આપેલા પુરાવાના આધારે સજા જાહેર કરવામાં આવી છે."

### કરમાં અપાઈ મોટી રાહત

# ગિફ્ટ સિટીમાં વિદેશી દારૂના ભાવમાં થશે ધરખમ ઘટાડો!

**જાહેરનામા મુજબ વિદેશી દારૂ પર વસૂલાતો કર ૨૫ પૈસા પ્રતિ રૂપિયા કરતાં વધુ હોય તો વધારાનો કર માફ થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે આવેલું ભારતનું પ્રથમ સ્માર્ટ ફાઈનાન્શિયલ અને ટેક્નોલોજી શહેર એટલે ગિફ્ટ સિટી. જેની સ્થાપના ભારતને વૈશ્વિક પટલ પર નાણાકીય સેવાઓના કેન્દ્ર તરીકે વિકસાવવા માટે કરાઈ છે. હવે આ ગિફ્ટ સિટી વિશે હાલ મોટા સમાચાર એ છે કે ગિફ્ટ સિટીમાં વિદેશી દારૂ પર લાગતા કરમાં મોટી રાહત આપવામાં આવી છે.

નાણાં વિભાગે નવું જાહેરનામું બહાર પાડ્યું. ગિફ્ટ સિટીમાં મંજૂર થયેલી વાઈન એન્ડ ડાઈન સુવિધાઓમાં પીરસાતા વિદેશી દારૂને કર રાહત આપવામાં આવી છે. આમ તો ગુજરાતમાં દારૂબંધી લાગૂ છે. પરંતુ ગિફ્ટ સિટીમાં ગુજરાત સરકારના નાણા વિભાગે બહાર પાડેલા જાહેરનામા મુજબ વિદેશી દારૂ પર વસૂલાતો કર ૨૫ પૈસા પ્રતિ રૂપિયા કરતાં વધુ હોય તો વધારાનો કર માફ થઈ જશે. નોંધણી થયેલી હોય તેવા એફ એલ થ્રી લાયસન્સ ધરાવતા ડીલરોને આ રાહતનો લાભ મળશે. અત્રે જણાવવાનું કે ગિફ્ટ સિટીમાં ગ્રાહકોને પીરસાતા વિદેશી દારૂ માટે જ રાહત લાગુ પડશે.

આ નોટિફિકેશન એ ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ અધિનિયમ હેઠળ નોટિફિકેશનમાં સુધારો કરવામાં આવ્યો છે. નાણાં વિભાગે ૨૩ જૂન ૨૦૨૬ના રોજ જાહેરનામું બહાર પાડ્યું અને આ જાહેરનામું બહાર પડતાની સાથે જ અમલમાં આવી ગયું છે. સરકાર દ્વારા અગાઉના ૩૧ માર્ચ ૨૦૦૬ના નોટિફિકેશનમાં સુધારો કરવામાં આવ્યો છે.

અત્રે જણાવવાનું કે ગિફ્ટ સિટીને વૈશ્વિક નાણાકીય અને વ્યાવસાયિક હબ તરીકે વધુ આકર્ષક બનાવવા માટેનો સરકારનો નિર્ણય છે. ગિફ્ટ સિટીમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય કંપનીઓ અને વિદેશી રોકાણકારોને તેનો પરોક્ષ લાભ મળશે. રાજ્ય સરકારે ગિફ્ટ સિટીમાં વ્યવસાયિક વાતાવરણને વધુ અનુકૂળ બનાવવા કર રાહતની જાહેરાત કરી છે.

મહત્વની વાતો

આ કરમુક્તિ માત્ર ગિફ્ટ સિટી ગાંધીનગરના મંજૂર કરાયેલા Wine & Dine વિસ્તારમાં ગ્રાહકોને પીરસવામાં આવતા વિદેશી દારૂ માટે જ લાગૂ પડશે.

અન્ય સ્થળો અથવા સામાન્ય વેચાણ માટે આ છૂટ લાગુ નહીં પડે.

આ વેચાણ માત્ર એવા નોંધાયેલા ડીલર દ્વારા થતું હોય જેમની પાસે માન્યતા પ્રાપ્ત F.L. III લાયસન્સ હોય.

સરકારે VAT ૬૫ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કર્યો.

કર બાબતે પ્રતિ રૂપિયા ૨૫ પૈસા કરતા વધુ જેટલી પણ કરની રકમ થાય તે ભાગને કરમુક્તિ આપવામાં આવશે.

ગુજરાત સરકારના ગેઝેટ જાહેરનામા મુજબ કર રાહતની જોગવાઈ તાત્કાલિક અસરથી લાગુ

ગિફ્ટ સિટીમાં હોસ્પિટાલિટી અને સેવા ક્ષેત્રને પ્રોત્સાહન આપવાના હેતુથી નિર્ણય લેવાયો

ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય ધોરણની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારનું વધુ એક મહત્વપૂર્ણ પગલું

શું છે આ ગિફ્ટ સિટી?

ગિફ્ટ સિટીનું આખું નામ Gujarat International Finance Tec-City છે.

ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે બનાવવામાં આવેલું આ ગિફ્ટ સિટી એ ભારતનું પ્રથમ સ્માર્ટ ફાઈનાન્શિયલ અને ટેકનોલોજી શહેર છે.

ભારતને વૈશ્વિક નાણાકીય સેવાઓના કેન્દ્ર તરીકે વિકસાવવા માટે આ ગિફ્ટ સિટીની સ્થાપના કરવામાં આવી છે.

ગિફ્ટ સિટી ઘણીવાર ભારતના ફાઈનાન્શિયલ કેપિટલ ઓફ ધ ફ્યૂચર તરીકે પણ ઓળખવામાં આવે છે.